dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 292 | AD - 2026, Ashadh Sud -14 | Tuesday, Dt. 28-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### સુધારેલા બિલમાં પેપર લીક સંબંધિત કેસોની ઝડપી સુનાવણી માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટની જોગવાઈ કરવામાં આવી

# લોકસભામાં પેપર લીક વિરોધી સુધારા બિલ રજૂ, વિપક્ષના હોબાળાથી કાર્યવાહી સ્થગિત

નવી દિલ્હી, તા.૨૭

દેશમાં પેપર લીકના વધતા બનાવોને રોકવા માટે કેન્દ્ર સરકારે લોકસભામાં 'જાહેર પરીક્ષા (અન્યાયી માધ્યમો નિવારણ) સુધારા બિલ-૨૦૨૬' રજૂ કર્યું છે. અગાઉના વર્ષના કાયદામાં સુધારા કરીને પેપર લીક જેવા ગુનાઓ સામે વધુ કડક કાર્યવાહી સુનિશ્ચિત કરવાનો સરકારનો ઉદ્દેશ્ય છે. જોકે, બિલ રજૂ થતાં જ વિપક્ષે ભારે હોબાળો મચાવતા લોકસભાની કાર્યવાહી સ્થગિત કરવાની ફરજ પડી હતી.

સુધારેલા બિલમાં પેપર લીક સંબંધિત કેસોની ઝડપી સુનાવણી માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટની જોગવાઈ કરવામાં આવી છે. ઉપરાંત, આવા કેસોની તપાસ બે મહિનાની અંદર પૂર્ણ કરવાનો પ્રસ્તાવ છે. બિલ મુજબ પેપર લીકના આરોપીઓને ઓછામાં ઓછી પાંચ વર્ષ અને મહત્તમ દસ વર્ષની સજા થઈ શકે છે. સંગઠિત રીતે પેપર લીકના ગુનામાં સંડોવાયેલા લોકો માટે ઓછામાં ઓછી સાત વર્ષની સજા તેમજ રૂ. ૧૦ કરોડ સુધીના દંડની જોગવાઈ પણ કરવામાં આવી છે.

રાજ્યમંત્રી ડો. જીતેન્દ્ર સિંહે લોકસભામાં બિલ રજૂ કરતાં જણાવ્યું કે જાહેર પરીક્ષાઓની વિશ્વસનીયતા જાળવવા માટે આ સુધારા જરૂરી છે. બિલ પર આઠથી દસ કલાક ચર્ચા થવાની હતી, પરંતુ વિપક્ષના વિરોધ અને સૂત્રોચ્ચારને કારણે ચર્ચા શરૂ થઈ શકી નહોતી. એનડીએ તરફથી બિલના સમર્થનમાં યુવા સાંસદોને ચર્ચામાં ભાગ લેવા માટે આગળ કરવામાં આવ્યા હતા.



વિપક્ષે વિદ્યાર્થીઓ સામે થયેલી પોલીસ કાર્યવાહીનો મુદ્દો ઉઠાવી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધીએ વિદ્યાર્થીઓ સામે એફઆઈઆર નોંધવા અને વિરોધ પ્રદર્શનો દરમિયાન થયેલી પોલીસ કાર્યવાહીને લઈને ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું કે વિદ્યાર્થીઓના લોકશાહી અધિકારોનું રક્ષણ થવું જોઈએ.

કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ તમામ પક્ષોને શાંતિપૂર્ણ રીતે ચર્ચામાં ભાગ લેવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું કે સૂત્રોચ્ચાર અને પ્લેકાર્ડ બતાવવાથી કોઈ ઉકેલ આવશે નહીં અને આ બિલ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે જોડાયેલું હોવાથી તેને પ્રાથમિકતા આપવી જરૂરી છે.

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ વિદ્યાર્થીઓ સામે કથિત પોલીસ કાર્યવાહી અંગે સરકારને જવાબદાર ઠેરવી સ્પષ્ટતા માગી હતી. સમાજવાદી પાર્ટીના સાંસદ રામ ગોપાલ યાદવે માત્ર કડક કાયદાથી પેપર લીક જેવી સમસ્યાનો અંત નહીં આવે અને પરીક્ષા પ્રણાલીમાં પારદર્શિતા વધારવાની જરૂર હોવાનું જણાવ્યું હતું.

હોબાળો યથાવત રહેતાં સ્પીકરે લોકસભાની કાર્યવાહી વારંવાર મુલતવી રાખી હતી. રાજ્યસભામાં પણ વિપક્ષે વિદ્યાર્થીઓ સામે થયેલી કાર્યવાહીને લઈને વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસના સાંસદ કે.સી. વેણુગોપાલે ગૃહમંત્રી પાસેથી સ્પષ્ટતા માંગતા જણાવ્યું કે પોલીસ કાર્યવાહી અંગે સરકાર જવાબ આપે. સમાજવાદી પાર્ટીના સાંસદ ડિમ્પલ યાદવે પણ વિદ્યાર્થીઓ સામેની કાર્યવાહી શરમજનક ગણાવી હતી. પેપર લીક વિરોધી સુધારા બિલને લઈને હવે સંસદમાં આગામી દિવસોમાં ઉગ્ર ચર્ચા અને રાજકીય ટકરાવ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# શાંતિપૂર્ણ વિરોધ બંધારણીય અધિકાર, પોલીસ અતિરેક યોગ્ય નહી : સુપ્રીમ

નવી દિલ્હી,તા.૨૭

સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે શાંતિપૂર્ણ વિરોધ કરવાનો અધિકાર બંધારણ દ્વારા આપવામાં આવેલી ગેરંટી છે અને તેને નકારી શકાય નહીં. કોર્ટે સંકેત આપ્યો કે દેશભરમાં શાંતિપૂર્ણ વિરોધ માટે એક સમાન પ્રોટોકોલ તૈયાર કરવાની જરૂર છે, જેથી નાગરિકોના અધિકારોનું રક્ષણ થાય અને કાયદો-વ્યવસ્થા પણ જળવાઈ રહે. નીટ-યુજી પેપર લીક અને પરીક્ષા પ્રણાલીની અનિયમિતતાઓના વિરોધ દરમિયાન વિદ્યાર્થીઓ પર થયેલા કથિત લાઠીચાર્જ અને ટીયર ગેસના ઉપયોગ સામે દાખલ અરજીઓની સુનાવણી દરમિયાન કોર્ટે આ ટિપ્પણીઓ કરી હતી. અરજદારો તરફથી હાજર વકીલોએ જવાબદાર પોલીસ અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

# સ્વતંત્રતા દિવસ પહેલાં પંજાબમાં આતંકી કાવતરું નિષ્ફળ, ૧.૩ કિલો આઈઈડી જપ્ત

જલંધર,તા.૨૭


સ્વતંત્રતા દિવસ પહેલાં પંજાબમાં મોટા આતંકવાદી હુમલાના કથિત કાવતરાને પંજાબ પોલીસે નિષ્ફળ બનાવ્યો હોવાનો દાવો કર્યો છે. કાઉન્ટર ઈન્ટેલિજન્સ જલંધર અને જલંધર ગ્રામ્ય પોલીસે સંયુક્ત કાર્યવાહી દરમિયાન બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ (બીકેઆઈ) સાથે કથિત રીતે સંકળાયેલા એક આરોપીની ધરપકડ કરી છે.

ધરપકડ કરાયેલા સતબીર સિંહ પાસેથી ૧.૩ કિલોગ્રામ ઉચ્ચ વિસ્ફોટકોથી તૈયાર કરાયેલ ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (આઈઈડી) અને એક મોટરસાઈકલ જપ્ત કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા મુજબ, આ આઈઈડીમાં લોખંડના બોલ બેરિંગ્સ ભરેલા હતા, જેનાથી મોટા પાયે જાનહાનિ થઈ શકે તેવી શક્યતા હતી.

પોલીસ મહાનિર્દેશક ગૌરવ યાદવે જણાવ્યું કે વિશ્વસનીય બાતમીના આધારે ધનદૌર ગામ નજીક નાકાબંધી ગોઠવવામાં આવી હતી, જ્યાં આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં આરોપી વિદેશમાં બેઠેલા આઈએસઆઈ સમર્થિત હેન્ડલર્સના સંપર્કમાં હોવાનું સામે આવ્યું છે.

આ મામલે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ હવે સમગ્ર આતંકી નેટવર્ક, વિદેશી હેન્ડલર્સ, નાણાકીય વ્યવહારો અને સ્થાનિક સહયોગીઓની ભૂમિકાની તપાસ કરી રહી છે.




# સરકારના આશ્વાસન બાદ રાષ્ટ્રવ્યાપી આંદોલન સ્થગિત કર્યાનો સીજેપીનો દાવો

નવી દિલ્હી, તા.૨૭

કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)એ દાવો કર્યો છે કે ભારત સરકાર તરફથી મળેલા આશ્વાસન બાદ જ પાર્ટીએ પોતાનું રાષ્ટ્રવ્યાપી આંદોલન સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે. પાર્ટીના પ્રવક્તા સૌરવ દાસે જણાવ્યું કે આસામ, પશ્ચિમ બંગાળ અને બિહાર સહિત કેટલાક રાજ્યોમાં વિદ્યાર્થીઓ અને અન્ય પ્રદર્શનકારીઓની અટકાયત તથા ધરપકડના અહેવાલો ચિંતાજનક છે.પાર્ટીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર જાહેર કરેલા નિવેદનમાં જણાવ્યું કે ભાજપ અને એનડીએ શાસિત રાજ્યોમાં કોઈપણ પ્રદર્શનકારી સામે વર્તમાન કે ભવિષ્યમાં દંડાત્મક કાર્યવાહી નહીં કરવામાં આવે તેવી ખાતરી મળ્યા બાદ આંદોલન સ્થગિત કરવામાં આવ્યું હતું.સીજેપીએ જણાવ્યું કે તેની કાનૂની ટીમ શરૂઆતથી જ સક્રિય છે અને વિવિધ રાજ્યોના વકીલો સાથે મળીને અટકાયતમાં લેવાયેલા લોકોની મુક્તિ તથા તેમને કાનૂની સહાય પૂરી પાડવા પ્રયાસ કરી રહી છે.

# રાજીનામા બાદ ધર્મેન્દ્ર પ્રધાનનું સંસદમાં ઉષ્માભર્યું કરાયું સ્વાગત

નવી દિલ્હી, તા.૨૭

શિક્ષણ મંત્રી પદેથી રાજીનામું આપ્યા બાદ ધર્મેન્દ્ર પ્રધાન પ્રથમ વખત સંસદ પહોંચ્યા, જ્યાં એનડીએ સાંસદોએ તેમનું પાઘડી પહેરાવી ઉષ્માભર્યું સ્વાગત કર્યું અને સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા. બીજી તરફ, વિપક્ષના હોબાળાને કારણે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૨૮-૦૭-૨૦૨૬

**રૂ. ૫૪,૫૦૦નો મુદ્દામાલ કબજે, પાંચથી વધુ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયો**

# જુના વાઘણીયા અને નાના ભંડારીયા ગામે ઘરફોડ ચોરી કરનારા બે આરોપી ઝડપાયા

અમરેલી,તા.૨૭

અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચે બગસરા તાલુકાના જુના વાઘણીયા અને અમરેલી તાલુકાના નાના ભંડારિયા ગામોમાં થયેલી ઘરફોડ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલી બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે પકડાયેલા બે આરોપી સમરૂ કીલુ બારીયા અને સુરૂ પુનસિંહ વણજારા જિ.અલીરાજપુર(મધ્યપ્રદેશ) વાળા પાસેથી રોકડ રકમ, મોબાઈલ ફોન અને એક મોટરસાયકલ સહિત કુલ રૂ. ૫૪,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.



પૂછપરછ દરમિયાન આરોપીઓએ જુના વાઘણીયા ગામમાં રહેણાંક મકાન, દુકાન અને મંદિર સહિત અનેક સ્થળોએ ચોરી તેમજ ચોરીના પ્રયાસો કર્યા હોવાની કબૂલાત આપી હતી. ઉપરાંત નાના ભંડારિયા ગામમાં પણ એક મકાનમાં ચોરી અને અન્ય ત્રણ મકાનોમાં ચોરીના પ્રયાસો કર્યા હોવાનું સામે આવ્યું છે. આ કામગીરી દરમિયાન બંને પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અનડિટેક્ટ ગુનાઓનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે. પોલીસ હાલ ફરાર સાલમ પારસીંગ ગણાવા, બિમલ દરીયાસીંગ ગણાવા અને જગુ નારસીંગ બારીયા તમામ રહે. જિ.અલીરાજપુર મધ્યપ્રદેશવાળાઓની શોધખોળ કરી રહી છે અને તેમની ધરપકડ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# રાજુલા હોસ્પિટલ ચોકમાં આખલાઓની લડાઈમાં બે બાઈકને થયુ ભારે નુકસાન

રાજુલા,તા.૨૭

રાજુલા શહેરના વ્યસ્ત હોસ્પિટલ ચોક વિસ્તારમાં બે આખલાઓ વચ્ચે થયેલી જોરદાર લડાઈથી અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બેકાબૂ બનેલા આખલાઓએ રસ્તા પર પાર્ક કરેલી બે મોટરસાયકલને હેડફેટે લેતા વાહનોને નુકસાન થયું હતું. ઘટનાને પગલે વેપારીઓ, વાહનચાલકો અને રાહદારીઓમાં ભય ફેલાયો હતો તેમજ થોડા સમય માટે વાહનવ્યવહાર પણ પ્રભાવિત થયો હતો.



તસવીર : ગોપાલ રાઠોડ

સ્થાનિકોના જણાવ્યા મુજબ શહેરમાં રખડતા આખલાઓનો ત્રાસ સતત વધી રહ્યો છે. નાગરિકોએ પાલિકા તંત્રને રખડતા આખલાઓને પકડી યોગ્ય વ્યવસ્થા કરવા અને જાહેર માર્ગો પર લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા તાત્કાલિક પગલાં લેવા માંગ કરી છે.

# લાઠીની કલાપી હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓ માટે સાયબર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

લાઠી,તા.૨૭

લાઠીની કલાપી હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓને સાયબર ગુનાઓ અને ઓનલાઈન છેતરપિંડીથી સાવચેત કરવા વિશેષ સાયબર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનું આયોજન લાઠી પોલીસના પી.આઈ. એમ.બી. ઔસુરાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને ઓનલાઈન



નાણાકીય છેતરપિંડી, સોશિયલ મીડિયા પર સુરક્ષિત રીતે વર્તવું, અજાણી લિંક પર ક્લિક ન કરવું અને ઓનલાઈન ગેમિંગ દરમિયાન થતી છેતરપિંડીથી બચવાના ઉપાયો અંગે સરળ ભાષામાં માહિતી આપવામાં આવી હતી. પોલીસ અધિકારીઓએ સાયબર ગુનાઓના વિવિધ પ્રકારો અને તેનાથી થતા નુકસાન વિશે સમજણ આપી હતી. કોઈપણ પ્રકારની ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બન્યે બાદ તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવા અથવા સાયબર હેલ્પલાઈન નંબર પર ફરિયાદ નોંધાવવા વિદ્યાર્થીઓને અપીલ કરવામાં આવી હતી.

# અમરેલીમાં કારગિલ વિજય દિવસ નિમિત્તે ‘વીર વંદન’ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૭

અમરેલી ખાતે કારગિલ વિજય દિવસ નિમિત્તે નટરાજ થિયેટર, વીર શહીદ મનીષ મહેતા મેમોરિયલ ટ્રસ્ટ અને નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે દિલીપ સંઘાણી સાંસ્કૃતિક હોલ ખાતે ‘વીર વંદન’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પૂર્વ સૈનિકો, હાલ



સેવામાં ફરજ બજાવતા જવાનો તેમજ તેમના પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. દેશભક્તિના ગીતો અને શહીદોને અર્પિત કાર્યક્રમ દ્વારા કારગિલ યુધ્ધના શૂરવીરોને ભાવભીની શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. નગરપાલિકાના હોદ્દેદારો, વિવિધ રાજકીય, સામાજિક અને સેવાકીય સંસ્થાઓના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં નાગરિકોએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. રાજ્યના ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયા અને સાંસદ ભરતભાઈ સુતરિયાએ કાર્યક્રમના આયોજન બદલ શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન નિમેશ રાજપૂત અને ભરત વાજાએ કર્યું હતું.

# રાજુલા પોલીસે નદીકાંઠે ચેતવણી બોર્ડ લગાવી અકસ્માત નિવારણની પહેલ કરી

રાજુલા,તા.૨૭

રાજુલા ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક નયના ગોરડીયાના માર્ગદર્શન હેઠળ ચોમાસામાં અકસ્માત નિવારણ માટે રાજુલા પોલીસે હિંડોરણા અને ખાખબાઈ ગામ નજીક ધાતરડી નદીના જોખમી વિસ્તારોમાં ચેતવણી દર્શાવતા બોર્ડ લગાવ્યા છે. બોર્ડ દ્વારા નદીમાં સ્નાન ન કરવા, ધસમસતા પાણીમાં પ્રવેશ ન કરવા તેમજ બિનજરૂરી અવરજવર ટાળવાની સૂચના આપવામાં આવી છે. વરસાદી માહોલમાં સાવચેતી રાખી પોતાની અને પરિવારની સુરક્ષાને પ્રાથમિકતા આપવા પોલીસે અપીલ કરી છે. સ્થાનિક લોકોએ પોલીસની આ જનજાગૃતિ પહેલને આવકારી છે.

# જાળીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સગર્ભા અને ધાત્રી માતાઓને પૌષ્ટિક આહાર કિટનું વિતરણ

અમરેલી,તા.૨૭

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જાળીયા ખાતે વિઝન ફોર વાઈલ્ડ લાઈફ કાર્યક્રમ અંતર્ગત પરપ્રાંતીય શ્રમિક પરિવારોની સગર્ભા બહેનો અને ધાત્રી માતાઓને ખજૂર, ગોળ તેમજ સિંગ-દાળિયાની પૌષ્ટિક આહાર કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વાડી



વિસ્તારમાં રહેતા પરિવારોને વન્યજીવો સાથે સુરક્ષિત સહજીવન જાળવવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત સરકારી આરોગ્ય સેવાઓનો લાભ લેવા, બાળકોના શિક્ષણ અને બાળ ઉછેર અંગે પણ માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં સ્વ. વિનોદરાય રતિલાલ મસરાણીની સેવાભાવનાને યાદ કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ આરોગ્ય કેન્દ્રના સ્ટાફના સહયોગથી સફળતાપૂર્વક યોજાયો હતો.

## અવસાન નોંધ

**રાજકોટ**

સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ મુળ જીરા-સીમરણ હાલ અમરેલી જગદીશભાઈ જીવનલાલ દવે(ઉ.વ. ૮૦) તે પુષ્પાબેનના પતિ તથા રાજેશભાઈ(અમદાવાદ)ના મોટાભાઈ તેમજ અતુલભાઈ (સુદર્શન હોસ્પિટલ), રજનીભાઈ અને દિલીપભાઈના પિતાશ્રી તથા દર્શના યશકુમાર મહેતા(જુનાગઢ),પાલ અને જયના દાદા તથા ચંદ્રિકાબેન,આશાબેન અને આરતીબેન ના સસરા તથા દિપ્તીબેન રાજેશભાઈ દવેના જેઠનુ તા.૨૬ ના અવસાન થયેલ છે.બેસણુ તા.૩૦ ને ગુરુવારે બપોરે ૩ થી ૬ સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ બૉર્ડિંગ,અમરેલી ખાતે રાખેલ છે.




# જાફરાબાદ પોલીસે સાયબર છેતરપિંડીના ભોગ બનેલા અરજદારને રૂ. ૨૩ હજાર પરત અપાવ્યા

જાફરાબાદ,તા.૨૭

જાફરાબાદ પોલીસે ‘તેરા તુજકો અર્પણ’ કાર્યક્રમ હેઠળ સાયબર છેતરપિંડીનો ભોગ બનેલા એક અરજદારને ગુમાવેલા રૂ. ૨૩ હજાર સફળતાપૂર્વક પરત અપાવ્યા છે. અરજદારે સાયબર છેતરપિંડી થતાં જ ૧૯૩૦ હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મળતા જ જાફરાબાદ પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન જરૂરી કાર્યવાહી




તસવીર : બાબુભાઈ વાઢેળ

કરીને જાફરાબાદ કોર્ટ સમક્ષ અરજી કરવામાં આવી હતી. કોર્ટના આદેશ બાદ અરજદારને તેમની રકમ પરત મળી હતી. આ કામગીરી ભાવનગર રેન્જ પોલીસ મહાનિરીક્ષક આર.વી. અસારી, અમરેલી એસપી સંજય ખરાત અને નાયબ પોલીસ અધિક્ષક નયના ગોરડિયાના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કરવામાં આવી હતી. કાર્યવાહીમાં પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એ. દેસાઈ, હેડ કોન્સ્ટેબલ રવિરાજ મોડાસિયા અને આઈટી એક્સપર્ટ હર્ષિલ નલગેએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

# દામનગરના શિવ મંદિરોમાં કુમારીકાઓ દ્વારા જયાપાર્વતી વ્રતની ભક્તિમય ઉજવણી

દામનગર,તા.૨૭

દામનગરના વેજનાથ મહાદેવ મંદિર અને કુંભનાથ મહાદેવ મંદિર પરિસરમાં જયાપાર્વતી



વ્રત નિમિત્તે કુમારિકાઓએ ભક્તિભાવથી શિવ-પાર્વતીનું પૂજન-અર્ચન કર્યું હતું. મંત્રોચ્ચાર અને ભક્તિના માહોલ વચ્ચે અષાઢ સુદ તેરસથી શરૂ થયેલા વ્રતનું પાલન કરતી કુમારિકાઓએ મોળો આહાર, જાગરણ અને નિયમોનું પાલન કરી સુખી દાંપત્ય અને શુભ જીવન માટે પ્રાર્થના કરી હતી. સમગ્ર મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)






વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

**-// મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગીરગઢડા //-**

નં. જન્મ-મરણ કેસ.નં. 39/2026 — તા. ૧૭/૦૭/૨૦૨૬

(૧) સમા વલીભાઈ જુમાભાઈ,
રહે. વડલી, તા. ગીરગઢડા, જિ. ગીર સોમનાથ

............અરજદાર

**વિરૂધ્ધ**

(૧) રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી વડલી,
તા. ગીરગઢડા, જિ. ગીર સોમનાથ

.....સામાવાળા


**-:: જાહેર નોટીસ ::-**

આથી લગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના વડલી ગામના રહીશ સમા વલીભાઈ જુમાભાઈ તથા સમા જીલુબેન વલીભાઈના પુત્રી મનીષાબેન વલીભાઈ સમાનો જન્મ તા. ૦૧/૦૧/૧૯૯૬ ના રોજ ગીરગઢડા તાલુકાના વડલી ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, વડલી, તાલુકો-ગીરગઢડાના સને-૧૯૯૬ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૦૨૭/૦૩/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવા જણાવેલ. જે મુદતે સામાવાળા પક્ષે કોઈ હાજર રહેલ ન હોય, જેથી આ કામે આગામી મુદત તા. ૩૦/૦૭/૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે વાંધા-તકરાર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૭/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**ગીરગઢડા**


|| શ્રી ગણેશાય નમઃ || — || શ્રી ૧| || — || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# ખાંભાના ઈંગોરાળા નજીક ભેંસોના ટોળાએ પાંચ સિંહોને ખદેડયા, વીડિયો વાયરલ

**એક ભેંસનું મારણ કર્યા બાદ ભેંસોના ટોળાએ એકજૂથ થઈ સિંહોનો કર્યો પીછો**



અમરેલી,તા.૨૭

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ઈંગોરાળા ગામ નજીક સિમ વિસ્તારમાં પાંચ સિંહોએ ભેંસોના ટોળા પર હુમલો કર્યો હતો. આ હુમલામાં એક ભેંસનું મારણ થયું હતું. જોકે ત્યારબાદ ભેંસોના ટોળાએ હિંમત દાખવી એકજૂથ થઈ સિંહોનો પીછો શરૂ કર્યો હતો. ભેંસોના આક્રમક વલણને કારણે પાંચેય સિંહોને ત્યાંથી ભાગવાની ફરજ પડી હતી. સમગ્ર ઘટનાના દૃશ્યો કેમેરામાં કેદ થયા હતા અને તેનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. અમરેલી જિલ્લામાં સિંહોની સંખ્યા વધતા તેઓ રેવન્યુ વિસ્તારો અને માનવ વસાહતો નજીક વારંવાર જોવા મળી રહ્યા છે. જેના કારણે પશુઓ પર હુમલાની ઘટનાઓમાં વધારો નોંધાઈ રહ્યો છે.

# બાબરકોટ ગામમાં સિંહોની અવરજવરથી ગ્રામજનોમાં ભય, તાત્કાલિક પગલાંની માંગ

જાફરાબાદ,તા.૨૭

જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામમાં છેલ્લા બે મહિનાથી સિંહોની રહેણાંક વિસ્તારમાં સતત અવરજવર વધતા ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો છે. ગામમાં પશુઓના મારણની ઘટનાઓમાં વધારો થતાં માનવજીવનની સુરક્ષાને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. સરપંચ અનકભાઈ છનાભાઈ સાંખટે વન વિભાગને રજૂઆત કરી ગામમાં ૨૪ કલાક દેખરેખ, અનુભવી ટ્રેકરો અને પૂરતા વનકર્મીઓની તાત્કાલિક નિમણૂક કરવાની માંગ કરી છે. ઉપરાંત નિયમિત પેટ્રોલિંગ, રેસ્ક્યૂ ટીમ, સિંહોની હિલચાલ અંગે સમયસર માહિતી, પશુઓના મારણમાં ઝડપથી વળતર ચુકવવા અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા સ્થળ નિરીક્ષણ કરીને કાયમી ઉકેલ લાવવાની પણ અપીલ કરવામાં આવી છે.



તસવીર : બાબુભાઈ વાઢેળ

**સરપંચે વન વિભાગને રજૂઆત કરી, પેટ્રોલિંગ, ટ્રેકરોની નિમણૂક કરવા રજૂઆત**

# અમરેલી પેરોલ ફર્લો સ્કવોર્ડે ફરાર મહિલા આરોપીને ઝડપી પાડી

અમરેલી,તા.૨૭

અમરેલી પેરોલ ફર્લો સ્કવોર્ડના પીએસઆઈ એન.જી. સાપરાની ટીમે નાસતા ફરતા આરોપીઓને પકડવા ઝુંબેશ હાથ ધરી હતી. આ દરમિયાન ટેકનિકલ સોર્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સ આધારે લીલીયા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટના નેગોશિયેબલ એક્ટ કલમ ૧૩૮ મુજબના કેસમાં બે વર્ષની સજા પામેલ ફરાર મહિલા આરોપી ભારતીબેન મુકેશભાઈ શેખા (ઉં.વ. ૩૩, રહે. પીપળલગ) ને ઝડપી પાડવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, મહિલાએ લીલીયા સેવા સહકારી શરાફી મંડળીમાંથી રૂ. ૪૮,૨૫૨ ની લોન મેળવી હતી. લોનના હપ્તા ભરપાઈ ન કરતા તેમની સામે કોર્ટમાં કેસ ચાલ્યો હતો. ધરપકડ બાદ આરોપીને આગળની કાર્યવાહી અર્થે અમરેલી જિલ્લા જેલ ખાતે સોંપવામાં આવ્યા છે.

# ભારતીય મજદૂર સંઘ અમરેલી જિલ્લાની પ્રથમ ત્રિવાર્ષિક સાધારણ સભા યોજાઈ

અમરેલી,તા.૨૭



અમરેલી ખાતે ભારતીય મજદૂર સંઘ (BMS) અમરેલી જિલ્લાની પ્રથમ ત્રિવાર્ષિક સાધારણ સભા જિલ્લા અધ્યક્ષ નીતિનભાઈ ઠાકરના અધ્યક્ષસ્થાને સંપન્ન થઈ. આ પ્રસંગે વિવિધ નવ યુનિયનના પ્રતિનિધિઓ અને પ્રદેશ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કાર્યકર્તાઓએ શહેરમાં ઉત્સાહભેર રેલી યોજીને વાતાવરણ ગુંજવી મૂક્યું હતું. સભામાં ગત વર્ષના હિસાબો અને વાર્ષિક અહેવાલ સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યા હતા. આગામી ગુજરાત પ્રદેશ અધિવેશન અંગે માર્ગદર્શન આપ્યા બાદ નવી કારોબારીની રચના કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે નીતિનભાઈ ઠાકર, જિલ્લા મંત્રી તરીકે ભરતભાઈ બથવાર, સંગઠન મંત્રી તરીકે પરેશભાઈ મહેતા અને કોષાધ્યક્ષ તરીકે રફીકભાઈ સૈયદની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પરેશભાઈ મહેતાએ કર્યું હતું અને ભાવિનભાઈ સાંખટે આભારવિધિ કરી હતી.

# બાબરા નજીક ટ્રક ખાળિયામાં ખાબક્યો, ક્રેઈનની મદદથી બહાર કાઢવામાં આવ્યો

અમરેલી,તા.૨૭



બાબરા-ભાવનગર મુખ્ય માર્ગ પર આવેલી જીઆઈડીસી નજીક આજે બપોરે એક ટ્રક અકસ્માતનો ભોગ બન્યો હતો. ટ્રકના ચાલકે અચાનક સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા વાહન રોડ પરથી ઉતરી બાજુના ખાળિયામાં ખાબક્યો હતો. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને મદદ માટે પ્રયાસો હાથ ધર્યા હતા. અકસ્માતમાં ટ્રક ચાલકનો આબાદ બચાવ થયો હતો અને તેને કોઈ ગંભીર ઈજા પહોંચી નહોતી. ટ્રક ખાળિયામાં ફસાઈ જતાં ક્રેઈનની મદદથી તેને બહાર કાઢવાની કામગીરી હાથ ધરાઈ હતી. કલાકોની જહેમત બાદ ટ્રકને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યો હતો.

# વિજપડીમાં નિ:શુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો, ૩૫ દર્દીઓને ઓપરેશન માટે મોકલાયા

અમરેલી,તા.૨૭



વિજપડી ગામે અંબુજા ફાઉન્ડેશનના સહયોગથી રણછોડદાસજી ચેરિટેબલ ટ્રસ્ટ અને માધવ સેવા ટ્રસ્ટ દ્વારા નિ:શુલ્ક નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનો હેતુ ગ્રામ્ય વિસ્તારના લોકોને આંખોની ગુણવત્તાસભર સારવાર સરળતાથી મળી રહે તે હતો. કેમ્પ દરમિયાન ૧૦૦થી વધુ દર્દીઓની આંખોની તપાસ, નિદાન અને જરૂરી તબીબી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તપાસ બાદ મોતિયાની તકલીફ ધરાવતા ૩૫ દર્દીઓને નિ:શુલ્ક ઓપરેશન અને વધુ સારવાર માટે સંસ્થાની વિશેષ બસ મારફતે હોસ્પિટલ મોકલવામાં આવ્યા હતા. કેમ્પથી ગ્રામ્ય વિસ્તારના દર્દીઓને મોટી રાહત મળી હતી.

# જાફરાબાદમાં કારગિલ વિજય દિવસની ઉજવણી

જાફરાબાદ,તા.૨૭



જાફરાબાદના ગીરીરાજ ચોક ખાતે માનવ સેવા મંડળ દ્વારા કારગિલ વિજય દિવસ નિમિત્તે શહીદ વીરોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. દીપ પ્રાગટ્ય અને 'ભારત માતા કી જય'ના ઘોષ સાથે કાર્યક્રમનો શુભારંભ થયો હતો. આ પ્રસંગે જાફરાબાદ તાલુકાના જે જવાનો ભારતીય ફોજમાં જોડાયા છે, તેમના માતા-પિતાનું પુષ્પહાર પહેરાવી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોએ દેશભક્તિ સભર પ્રસંગોચિત પ્રવચનો આપ્યા હતા. શહીદ વીરોની સ્મૃતિમાં બે મિનિટનું મૌન પાળી સૌએ અશ્રુભીની શ્રધ્ધાંજલિ અર્પી હતી. સમગ્ર વાતાવરણ 'દેશભક્તિના ગગનભેદી નારાઓથી ગુંજી ઉઠ્યું હતું આ કાર્યક્રમમાં માનવ સેવા મંડળના પ્રમુખ રમેશભાઈ ચૂડાસમા, પી.બી. સોલંકી, બાબુભાઈ બારૈયા, કિરીટભાઈ જોષી, સુરેશભાઈ ગઢવી, મહેશભાઈ રાજ્યગુરુ, તુષારભાઈ જોષી, ભરતભાઈ બારૈયા, શંકરભાઈ સોલંકી, કિશોરભાઈ ભટ્ટ સહિત વિવિધ સમાજના આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.






# સા.કુંડલાની કે. કે. હાઈસ્કૂલમાં BIS સ્ટાન્ડર્ડ ક્લબ દ્વારા 'માનાંક લેખન સ્પર્ધા' યોજાઈ

અમરેલી,તા.૨૭



શ્રી કે. કે. હાઈસ્કૂલ, સાવરકુંડલા ખાતે ભારતીય માનક બ્યુરો (BIS) સ્ટાન્ડર્ડ ક્લબ અંતર્ગત દૈનિક જીવનમાં વપરાતી વસ્તુઓની ગુણવત્તા અને સલામતી પ્રત્યે જાગૃતિ લાવવા "માનાંક લેખન સ્પર્ધા"નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. અધિકારીએ વિદ્યાર્થીઓને ISI માર્ક અને પ્રમાણિત વસ્તુઓના મહત્વ વિશે રસપ્રદ માહિતી આપી હતી. સ્પર્ધા દરમિયાન વિદ્યાર્થીઓએ પ્રેસર કુકરના ભારતીય માપદંડો અને સુરક્ષા ધોરણો પર ઉત્સાહપૂર્વક સુંદર લેખન રજૂ કર્યું હતું.

## //એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૧૮૧/૨૦૨૬

અરજદાર :-શ્રી મધુભાઈ મોહનભાઈ રાણપરીયા
રહે. ચાંદગઢ, તા.જી. અમરેલી - ૩૬૫૬૦૨

**વિરૂધ્ધ**

સામાવાળા :-જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. ચાંદગઢ, તા.જી. અમરેલી.

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચાંદગઢ ગામમાં અરજદારશ્રી મધુભાઈ મોહનભાઈ રાણપરીયા તેઓના ભાણીયા ક્રિશ હરિલાલ ગોંડલીયાની જન્મ (તા. ૧૪/૦૯/૨૦૦૯) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે.તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા-તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા-તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે, જેની નોંધ લેવી.

આજ તા. ૧૮/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## :: જાહેર નોટીસ ::

અમો રાકેશકુમાર સી. વઘાસીયા- એડવોકેટ બગસરા તે લાગતા-વળગતા તથા જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરી જણાવીએ છીએ કે, અમરેલી જીલ્લાના બગસરા તાલુકાના ડેરીપીપળીયા ગામના રેવન્યુ સર્વે નંબર ૨૨૨/૨ ની જુની શરતની ખેડવાણ જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧-૦૪-૪૬ વાળી તે જયેશભાઈ ગીરધરભાઈ પોકરની સુવાંગ અને સ્વતંત્ર કબજા-ભોગવટા અને માલિકીની આવેલી છે અને તેમના સ્વતંત્ર નામે ખાતા નંબર ૯૩૧ થી ગામ દફતરે નમુના નં.૮-અ મા નોંધાયેલ છે. તે ખેત જમીન અમારા અસીલ તેમની પાસેથી ખરીદ કરવા માંગે છે. અમરેલી જીલ્લાના બગસરા તાલુકાના ડેરી પીપરીયા ગામના રેવન્યુ સર્વે નંબર ૨૨૨/૨/ પૈકી ૧ ની જુની શરતની ખેડવાણ જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે. ચો.મી. ૧-૦૪-૪૫ વાળી તે પ્રવિણભાઈ ગીરધરભાઈ પોકરની સુવાંગ અને સ્વતંત્ર કબજા-ભોગવટા અને માલિકીની આવેલી છે અને તેમના સ્વતંત્ર નામે ગામ ૯૩૦ થી ગામ દફતરે ગામ નમુના નં.૮-અ મા નોંધાયેલ છે.તે ખેત જમીન અમારા અસીલ તેમની પાસેથી ખરીદ કરવા માંગે છે.

સબબ આથી આ જાહેર નોટીસ થકી લાગતા-વળગતા તેમજ હિત ધરાવતા તમામ તથા જાહેરજનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરવાની કે સદર હું મિલ્કત-ખેત જમીનો સંબંધે કોઈ વ્યક્તિ, સંસ્થા, પેઢી કે કોઈપણ વિગતે હક્ક, અધિકાર, રાઈટ્સ, માલિકી હોય કે આ આ મિલ્કત ઉપર અન્ય કોઈ પણ વ્યક્તિ, સંસ્થા કે બેન્કનું કરજ, લીયન, બોજો, લેણું, ધિરાણ, લોન કે ભરણ-પોષણ, વારસાઈ, ભાગીદારી કે ભાયુભાગ કે કોઈ સોદાખત, મુખત્યારનામું કે કોઈ પણ પ્રકારના અગ્ર હક્ક કે લખાણો હોય કે કબજા હક્ક હોય તો તે સંબંધે તેમના લેખિત આધાર પુરાવા સાથે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૮(આઠ) મા નીચે જણાવેલ સરનામે જાણ કરવી અન્યથા મુદત વીત્યેથી સદર હું મિલ્કત પરત્વે કોઈનો કોઈપણ જાતનો વાંધો-તકરાર, હક્ક-હિસ્સો કે લાગભાગ નથી અને હોય તો પણ તે જતો (WAIVE) કરેલ છે તેમ માની લઈ ઉક્ત લખ્યા મિલકતોના માલિકોને ધોરણસરનો અવેજ ચૂકવી અમારા અસીલ સદર હું જમીનોનો ઉક્ત માલિકો અને કબ્જેદારો પાસેથી ધોરણસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ એકઝીક્યુટ કરાવી લેશે અને વિધિવત રીતે જમીનોનો કબજો મેળવી લેશે અને ત્યારબાદના કોઈ પણ વાંધા-તકરાર અમારા અસીલ કે તેમને ખરીદ કરેલ મિલકતને કોઈ પણ વિગતે બંધનકર્તા રહેશે નહી તેની આથી જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

બગસરા, તા.૨૭/૦૭/૨૦૨૬ — અસીલોની સુચના અને ફરમાઈશથી

અમારા મારફત:
રાકેશકુમાર સી. વઘાસીયા
મો.૯૬૦૧૫ ૯૧૪૮૧, ૮૮૪૯૮ ૫૪૮૨૭ (એડવોકેટ)
મામલતદાર ઓફીસ સામે, રાધિકા પાનની બાજુમાં, બગસરા.

## //એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૧૭૯/૨૦૨૬

અરજદાર :-શ્રી મધુભાઈ મોહનભાઈ રાણપરીયા
રહે. ચાંદગઢ, તા.જી. અમરેલી - ૩૬૫૬૦૨

**વિરૂધ્ધ**

સામાવાળા :-જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. ચાંદગઢ, તા.જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચાંદગઢ ગામમાં અરજદારશ્રી મધુભાઈ મોહનભાઈ રાણપરીયા તેઓના પુત્રી ઉર્વશીબેન મધુભાઈ રાણપરીયાની જન્મ (તા. ૨૦/૦૬/૧૯૮૯) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે.તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા-તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા-તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે, જેની નોંધ લેવી.

આજ તા. ૧૮/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય




# વડિયાના તોરી ગામે સરપંચ પર હિચકારો હુમલો કરનારા સામે કડક કાર્યવાહીની માંગ

તોરી,તા.૨૭



વડિયા તાલુકાના તોરી ગામના ગ્રામજનોએ કલેક્ટરને આવેદનપત્ર આપી ગામના સરપંચ પરેશભાઈ વિનોદરાય કોટડિયા પર તાલુકા પંચાયત પ્રમુખ પતિ યોગેશભાઈ પાનસુરીયાએ જીવલેણ હુમલો કરતા ગ્રામજનોમાં રોષ ફેલાયો છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ ગામના સરપંચ સાથે જાહેરમાં મારપીટ કરવામાં આવી હતી અને ત્યારબાદ તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાઈ હોવા છતાં આરોપી સામે કડક કાર્યવાહી કરવામાં આવી નથી તેવી રજૂઆત કરવામાં આવી છે. ગ્રામજનોએ જણાવ્યું કે આ ઘટનાના કારણે ગામમાં ભયનો માહોલ સર્જાયો છે અને લોકોમાં અસુરક્ષાની લાગણી ફેલાઈ છે. આવેદનપત્રમાં આરોપી તાલુકા પંચાયત પ્રમુખ પતિ સામે બી.એન.એસ.ની કલમ મુજબ ગુનો નોંધવાની તેમજ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. આમ, સરપંચ પર હુમલો થતા ગ્રામજનોમાં આક્રોશ ફેલાયો છે.

# ડો.જી.જે.ગજેરાના અધ્યક્ષસ્થાને દામનગરમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની બેઠક યોજાઈ

અમરેલી,તા.૨૭



દામનગર, લાઠી અને લીલીયા ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની બેઠક સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડો. જી.જે. ગર્જેરાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. બેઠકમાં આગામી માસ દરમિયાન ડો. પ્રવીણ તોગડિયાના સૌરાષ્ટ્ર પ્રવાસ તેમજ જન્માષ્ટમી ઉત્સવના આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. પ્રવાસ દરમિયાન ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં યોજાનારા કાર્યક્રમો, રોકાણ અને આયોજનની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. બેઠકમાં મજબૂતસિંહ બસિયા, નિર્મલસિંહ ખુમાણ, સહિતના આગેવાનોએ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા દેશભરમાં ચાલી રહેલી વિવિધ સેવા પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. ખેડૂત પરિષદ, બજરંગદળ કેન્દ્ર, દુર્ગાવહિની, મજૂર પરિષદ, વિદ્યાર્થી પરિષદ તેમજ ઈન્ડિયન હેલ્થ હેલ્પલાઈનના કાર્ય અને સંગઠનને વધુ મજબૂત બનાવવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

# દામનગર ગાયત્રી મંદિરે આવતીકાલે નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાશે

અમરેલી,તા.૨૭

દામનગરમાં આવેલા ગાયત્રી મંદિર ખાતે આવતા બુધવાર, તારીખ ૨૯ જુલાઈ ૨૦૨૬ના રોજ સવારે ૯.૩૦ થી બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી ૮૪મા વિના મૂલ્યે નેત્ર નિદાન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સીનિયર સિટીઝન ટ્રસ્ટ દામનગર, શ્રી ગાયત્રી મંદિર દામનગર અને શ્રી ભૂરખિયા હનુમાનજી મંદિરના સંયુક્ત ઉપક્રમે આ કેમ્પ યોજાવા જઈ રહ્યો છે. આ કેમ્પમાં રાજકોટની સુપ્રસિધ્ધ શ્રી રણછોડદાસજી બાપુ આંખની હોસ્પિટલના નિષ્ણાત તબીબોની ટીમ આંખના દર્દીઓની વિના મૂલ્યે તપાસ કરશે. નિદાન બાદ જરૂરિયાતમંદ દર્દીઓને મોતિયાના મફત ઓપરેશન કરાવવા માટે રાજકોટ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવશે. વિસ્તારના તમામ જરૂરિયાતમંદ દર્દીઓને આ આરોગ્ય વિષયક સેવાનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# વરસાદમાં વડિયા PGVCLની કામગીરી ગ્રામજનોએ વખાણી

વડિયા,તા.૨૭

સમગ્ર રાજ્યમાં હાલ ચોમાસાની ઋતુને લીધે વરસાદી માહોલ છવાયો છે. વડિયા વિસ્તારમાં ૨૪ તારીખની રાત્રે ભારે વરસાદ પડતાં નદી-નાળાઓ છલકાઈ ગયાં હતાં. સામાન્ય રીતે ભારે વરસાદ દરમિયાન ગ્રામીણ વિસ્તારોમાં વીજળીની સમસ્યાઓ વધતી હોય છે અને ભૂતકાળમાં વીજ પુરવઠો વારંવાર ખોરવાતો હતો. પરંતુ, વડિયા PGVCL તંત્રની



ઉત્કૃષ્ટ પ્રિ-મોન્સૂન કામગીરીના પરિણામે આ વર્ષે ભારે વરસાદમાં પણ વીજળી ગુલ થઈ નથી. કોઈ નાનો-મોટો ફોલ્ટ સર્જાય ત્યારે ટેકનિકલ સ્ટાફ દ્વારા તેને ત્વરિત સુધારી લેવામાં આવે છે. ખજૂરી ગામના નાગરિકો સહિત સમગ્ર ગ્રામીણ જનતાએ નાયબ ઈજનેર બી.ડી. મારુ અને તેમની ટીમની કામગીરી બિરદાવીને સોશિયલ મીડિયા પર અભિનંદન પાઠવ્યા છે. PGVCLની આ સરાહનીય સક્રિયતાથી લોકોમાં ભારે સંતોષની લાગણી જોવા મળી રહી છે.

# સા.કુંડલાની ગર્લ્સ હાઈસ્કૂલમાં પાણીજન્ય રોગો અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા,તા.૨૭



શ્રી એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ અને એ.કે. ઘેલાણી હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે વિદ્યાર્થીનીઓમાં સ્વાસ્થ્ય સજાગતા અર્થે 'પાણીજન્ય રોગો અને ઉકેલ' વિષય પર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. અર્બન હેલ્થ સેન્ટરની ટીમના ભરતભાઈ ગોસ્વામી અને હિતેશભાઈ ચૌહાણે મેલેરિયા, ડેન્ગ્યુ જેવા રોગોના લક્ષણો, સ્વચ્છતા, અને રોગપ્રતિકારક શક્તિ વધારવાના ઉપાયો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

# અમરેલી નવા બસ સ્ટેન્ડ પાસે આવેલી હોટલ વેલકમ ઈનના ડ્રોઅરમાંથી રૂ. ૫૦ હજારની ચોરી

**સુરતમાં રહેતા યુવક સામે ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૨૭

અમરેલીના નવા બસ સ્ટેન્ડ પાસે આવેલી હોટલ વેલકમ ઈનના ડ્રોઅરમાંથી રૂ. ૫૦ હજારની ચોરી અંગે સુરતના યુવક સામે ફરિયાદ નોંધાઈ હતી. બનાવ અંગે કુંકાવાવ-વડીયાના જંગર ગામના આકાશભાઈ મોહનભાઈ પરમાર (ઉ.વ. ૨૩)એ સુરતમાં રહેતા જીકેશ રાજેશભાઈ પાનસુરીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ જે હોટલમાં કામ કરતા હતા તે હોટલ વેલકમ ઈનમાં ચોરી કરવાના ઈરાદે જીકેશ રાજેશભાઈ પાનસુરીયા રોકાયા હતા.

રાત્રિ દરમિયાન હોટલમાં તેમના ખિસ્સામાંથી રિસેપ્શનના ટેબલના ડ્રોઅરની ચાવી કાઢી લઈ, ડ્રોઅરના ખાનામાં રાખેલી આશરે રૂ. ૫૦,૦૦૦ની રકમની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. વી. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરા તાલુકાના લાલકા ગામેથી ૪ શકુનીના પાસા પોલીસે અવળા પાડ્યા

**રૂ. ૧૧,૧૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો**

બાબરા, તા.૨૭

બાબરાના લાલકા ગામેથી પોલીસે ૪ શકુનીના પાસા અવળા પાડ્યા હતા અને રૂ. ૧૧,૧૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

વલ્લભભાઈ ધનાભાઈ રાઠોડ, નાગદાનભાઈ વાઘાભાઈ કોઠીવાળ, વિજયભાઈ વિક્રમભાઈ મોયા તથા અજયભાઈ ચંદુભાઈ ધડુક જાહેરમાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો હાર-જીતનો જુગાર રમતાં રોકડા રૂ. ૧૧,૧૨૦ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા હતા. આ અંગે બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. આર. દાંતી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# જાફરાબાદમાં ફોર-વ્હીલ અડી જતાં બોલાચાલી અને ઝપાઝપી

જાફરાબાદ, તા. ૨૭

જાફરાબાદમાં ફોર-વ્હીલ અડી જતાં બોલાચાલી અને ઝપાઝપી થઈ હતી.

રાજેશભાઈ ચંદુભાઈ શિયાળ (ઉં.વ. ૩૮)એ ફોર-વ્હીલના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ ચાર દિવસ પહેલાં રાત્રે આશરે નવ વાગ્યે વાંઢ ગામના પાટિયા પાસે આવેલી પોતાની હોટેલ પરથી મહિન્દ્રા પિકઅપ બોલેરો લઈને નીકળ્યા હતા. તે સમયે મીતિયાળા ગામે ૬૬ કે.વી. પાસે પહોંચતાં સામેથી એક ફોર-વ્હીલ અચાનક આવી હતી.

આથી તેમણે પોતાની ગાડી સાઈડમાં લઈને ફોર-વ્હીલના ચાલકને સાઈડ આપી હતી, પરંતુ ફોર-વ્હીલના ચાલકે પોતાની ગાડી પાછી વાળીને તેમની ગાડી આગળ ઊભી રાખી હતી. જેના કારણે તેમની ફોર-વ્હીલ થોડી અડી જતાં, તેમણે રાજેશભાઈ સાથે બોલાચાલી અને ઝપાઝપી કરી હતી તેમજ ત્રણ-ચાર ઝાપટો મારી હતી.આ અંગે જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. જે. એમ. ચુડાસમા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ચૌદસ
તા.૨૮-૦૭-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૫:૩૯,
સૂર્યાસ્ત-૦૭:૧૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વાષાઢા

## દૈનિક રાશિફળ

તા.૨૮-૦૭-૨૦૨૬ મંગળવાર

મેષ:આજનો દિવસ તમારા માટે શુભ રહેશે. દિવસની શરૂઆતમાં તમે થોડી આળસ બતાવશો, પરંતુ બપોરે તમે નિર્ધારિત સમય પર તમારા કાર્યોને ઉત્સાહથી પૂર્ણ કરી શકશો.

વૃષભ: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સારો રહેશે, પરંતુ થોડી વધારે મહેનત કરશો. કોઈપણ જૂના નિર્ણય અથવા ડીલમાં ચોક્કસપણે સફળતા મળશે.

મિથુન: તમારા માટે આજનો દિવસ વ્યસ્ત અને લાભકારક રહેશે. સ્વાસ્થ્ય સારું રહેશે. આજે કાર્યમાં સફળતાના કારણે આત્મવિશ્વાસ વધશે.

કર્ક: આ પછીનો સમય થોડો અવરોધવાળો રહેશે, લોકો તમારી સાથે વિવાદ કરી શકે છે. કોઈપણ પ્રકારના અનૈતિક વર્તનને ટાળો, નહીં તો વિવાદ વધવાની સંભાવના છે.

સિંહ: આજે તમારું સ્વાસ્થ્ય સારું રહેશે, આજે કાર્યક્ષેત્ર અને ઘરની બાબતોમાં સાથે મળીને વિવિધ સમસ્યાઓના ઉદભવને કારણે મન થોડો સમય ખાલી થઈ જશે.

કન્યા: આજે તમે દિવસના પહેલા ભાગમાં પ્લાનિંગ સાથે કામ કરશો અને બપોર સુધી તમારી મહેનતનું ફળ ના મળવાથી તમે થોડા નિરાશ થશો.

તુલા:આજનો દિવસ તમને મિશ્ર પરિણામ આપશે. મનમાં ક્રોધ અને નફરતની લાગણીને કારણે પ્રિયજનથી અંતર થઈ શકે છે.

વૃશ્ચિક: આજે પરિસ્થિતિ તમારા માટે અનુકૂળ રહેશે, પરંતુ આળસ અને મનોરંજન અને શોખના વલણને કારણે તમે સમયનો પૂરો લાભ લઈ શકશો નહીં.

ધન: નવા સંબંધોથી ભાગ્ય ચમકશે અને તમને સામાજિક સન્માન મળશે. આ સાથે તમે ક્રિયા-પ્રતિક્રિયા વધારવામાં પણ સફળ થશો. દંપતિમાં સુમેળ રહેશે.

મકર:આજે તમે તમારા સ્વભાવમાં ઉતાવળ કરશો, પહેલા તમે તમારા કાર્ય પ્રત્યે બેદરકાર થશો, પાછળથી તમે ઉતાવળમાં આવી શકો છો.

કુંભ: આજે ચઢાવ-ઉતારનો દિવસ રહેશે. તમે જે કાર્યમાંથી લાભની અપેક્ષા કરી રહ્યા છો તેમાં અંતિમ સમયમાં નિરાશા મળી શકે છે.

મીન: આજનો દિવસ ફાયદાકારક છે, પરંતુ કોઈ પણ અવરોધ તમને મુશ્કેલીમાં મુકી શકે છે, જે તમારું ધ્યાન વિચલિત કરશે.

# બગસરામાં પ્રૌઢ પર ઈંટના છૂટા ઘા કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી

**પ્રૌઢે મહિલા સહિત ત્રણ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

બગસરા, તા. ૨૭

બગસરામાં પ્રૌઢ પર ઈંટના છૂટા ઘા કરી ગાળો આપવામાં આવી હતી, તેમજ જાનથી મારવાની પણ ધમકી આપી હતી. આ અંગે સીકંદરભાઈ બચુભાઈ સૈયદ (ઉ.વ. ૬૬)એ અમીન અલારખભાઈ કાળવાતર, રફીકભાઈ અલારખભાઈ કાળવાતર તથા રફીકભાઈના પત્ની સામે ફરિયાદ નોંધાવી હતી.જે મુજબ તેમના પૌત્રો અવેશ તથા અલ્ફેસ બંને પોતાની મોટરસાયકલ લઈને પોતાના ગેરેજેથી ગામમાં સામાન લેવા માટે જતા હતા, ત્યારે રસ્તામાં અમીનભાઈએ પોતાની ફોર-વ્હીલ કાર સામે લાવીને રાખી દીધી હતી અને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. આ દરમિયાન રફીકભાઈએ આવીને ગાળો આપી સાક્ષીઓ પર છૂટા પથ્થરોના ઘા કર્યા હતા.આ સમયે તેઓ (ફરિયાદી) વચ્ચે પડતાં આરોપીઓએ તેમને પણ ગાળો આપી હતી અને રફીકભાઈના પત્નીએ પણ આવીને તેમના પર તથા સાક્ષીઓ પર છૂટી ઈંટોના ઘા કરી ગાળો આપી હતી. ત્રણેય આરોપીઓએ છૂટા પથ્થરો, ઈંટોના ઘા મારી મૂંઢ ઈજાઓ પહોંચાડી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. જે. બાલસરા વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાં પાંચ મહિલા સહિત ૧૦ લોકો પાસેથી દેશી દારૂ પકડાયો

**વિવિધ સ્થળેથી 33 ઈસમો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા**

અમરેલી, તા.૨૭

અમરેલી જિલ્લામાં ૫ મહિલા સહિત ૧૦ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ પકડાયો હતો. આ લોકો પાસેથી કુલ ૭૦ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. અમરેલીના વાંકીયા ગામે વાડી-ખેતરના શેઢે આવેલા પાકા મકાનમાં દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ હતી. જેમાંથી દેશી દારૂ બનાવવાનો ૪૫૦ લીટર આથો, ૩૫ લીટર પીવાનો દેશી દારૂ અને ભઠ્ઠીના સાધનો મળી કુલ રૂ.૨૧,૩૬૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૩૩ ઈસમો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા.

# સલડી ગામે માજીની મઢીમાં ગુરુ પૂર્ણિમા મહોત્સવની ઉજવણી થશે

અમરેલી,તા.૨૭

લીલીયા તાલુકાના સલડી ગામ સ્થિત માજીની મઢી અને સિધ્ધેશ્વર મહાદેવના પટાંગણમાં તા. ૨૯ જુલાઈએ ગુરુ પૂર્ણિમા મહોત્સવનું ભક્તિભાવપૂર્વક આયોજન કરવામાં આવશે. મહંત ભગવાનગીરી બાપુ, બ્રહ્મલીન અમૃતગીરી મહારાજ, ગુરુ મંગલગીરી તથા મુનીમગીરી માતાજીની પાવન સ્મૃતિમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. ભાવિકો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે અને સમગ્ર પરિસરમાં ભક્તિમય વાતાવરણ સર્જાશે. રાત્રિના સમયે સંતવાણી કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહી ગુરુ મહિમાનું શ્રવણ કરશે.

આયોજકોએ વધુમાં વધુ ભાવિકોને ઉપસ્થિત રહી ગુરુ આશીર્વાદનો લાભ લેવા અપીલ કરી છે.

# સ્વામીના ગઢડા મુકામે પરિણીતાને સાસરિયાએ ત્રાસ આપતા ફરિયાદ

**પહેરેલા કપડે ઘરેથી કાઢી મૂકી**

અમરેલી, તા.૨૭

બોટાદના સ્વામીના ગઢડા મુકામે પરિણીતાને સાસરિયાએ ત્રાસ આપ્યો હતો તેમજ પહેરેલા કપડે ઘરેથી કાઢી મૂકી હતી. આ અંગે હાલ અમરેલીના મોણપુર, વાવડી રોડ પ્લોટ વિસ્તારમાં રહેતા પુનમબેન સંજયભાઈ ડાભી (ઉ.વ.૨૪)એ પતિ જીતેન્દ્રભાઈ લાલજીભાઈ સુંધરવા, સસરા લાલજીભાઈ સવાભાઈ સુંધરવા તથા સાસુ મંગુબેન ઉર્ફે રેખાબેન લાલજીભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમને તેમના લગ્ન તારીખ ૧૨/૦૫/૨૩ થી તા.૨૯/૦૫/૨૦૨૬ દરમિયાન સ્વામીના ગઢડા મુકામે પતિ જીતેન્દ્રભાઈ લાલજીભાઈ સુંધરવા, સસરા લાલજીભાઈ સવાભાઈ સુંધરવા તથા સાસુ મંગુબેન ઉર્ફે રેખાબેન લાલજીભાઈ ત્રણેયે અવારનવાર ઘરકામ બાબતે તેમજ અન્ય બાબતોમાં મેણાં-ટોણાં મારી શારીરિક-માનસિક દુઃખ-ત્રાસ આપ્યો હતો. તેમજ તેના પતિએ ગાળો આપી, ઢીંકાપાટુનો મૂઢમાર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી ઘરેથી પહેરેલે કપડે કાઢી મૂકી હતી. અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના પી. આઈ. જે.આર. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.


**તંત્રી લેખ**

# પેપરલીક પ્રકરણમાં નેતૃત્વથી પરીક્ષા સુધારાની નવી આશા

દેશમાં છેલ્લા કેટલાક વર્ષોથી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પેપર લીકની ઘટનાઓએ લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય પર ગંભીર પ્રશ્નચિહ્ન ઊભું કર્યું છે. મહેનત કરીને પરીક્ષાની તૈયારી કરનારા યુવાનો માટે આવી ઘટનાઓ નિરાશાજનક સાબિત થઈ છે. આ ગંભીર સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાઈ પાવર્ડ ટાસ્ક ફોર્સની રચનાની જાહેરાત કરી છે. આ ટાસ્ક ફોર્સનું નેતૃત્વ વિશ્વવિખ્યાત ટેકનોલોજી નિષ્ણાત અને ઈન્ફોસિસના સહ-સ્થાપક નંદન નીલેકણીને સોંપવામાં આવ્યું હોવાનું જણાવવામાં આવ્યું છે. આ નિર્ણયથી વિદ્યાર્થીઓમાં નવી આશા અને વિશ્વાસ જાગ્યો છે કે હવે પરીક્ષા પ્રણાલીને વધુ સુરક્ષિત, પારદર્શક અને વિશ્વસનીય બનાવવાના પ્રયાસો થશે. નંદન નીલેકણી દેશના અગ્રણી ટેકનોલોજી વિચારકોમાંના એક છે. ઈન્ફોસિસના સહ-સ્થાપક તરીકે તેમણે ભારતને વૈશ્વિક માહિતી-પ્રૌદ્યોગિકી ક્ષેત્રે નવી ઓળખ અપાવી હતી. ત્યારબાદ આધાર પ્રોજેક્ટના મુખ્ય આર્કિટેક્ટ તરીકે તેમણે એક અબજથી વધુ ભારતીયોને ડિજિટલ ઓળખ આપવાનું ઐતિહાસિક કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યું હતું. જટિલ સમસ્યાઓને ટેકનોલોજી, ડેટા સુરક્ષા અને પારદર્શક વહીવટ દ્વારા ઉકેલવાની તેમની કાર્યપધ્ધતિ સમગ્ર વિશ્વમાં પ્રશંસિત રહી છે. તેઓ હંમેશા માને છે કે સિસ્ટમમાં માનવીય હસ્તક્ષેપ જેટલો ઓછો હશે, તેટલી ભ્રષ્ટાચારની શક્યતા પણ ઓછી રહેશે. પરીક્ષા સુધારામાં પણ આ જ અભિગમ મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. સરકાર દ્વારા રચવામાં આવેલી આ ટાસ્ક ફોર્સનો મુખ્ય ઉદ્દેશ પરીક્ષા પ્રણાલીમાં ટેકનોલોજી આધારિત સુધારાઓ લાવી તેને વધુ સુરક્ષિત બનાવવાનો છે. નીટ સહિત વિવિધ પરીક્ષાઓમાં થયેલા પેપર લીકના બનાવો બાદ દેશભરમાં વિદ્યાર્થીઓએ વિરોધ પ્રદર્શન કર્યા હતા. ત્યારબાદ સરકારે સ્પષ્ટ કર્યું હતું કે પરીક્ષા પ્રણાલીની વિશ્વસનીયતા જાળવવી એ તેની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. આ ટાસ્ક ફોર્સ પરીક્ષાના આયોજન, પ્રશ્નપત્રોની સુરક્ષા અને સમગ્ર પ્રક્રિયામાં જરૂરી ટેકનોલોજીકલ તથા વહીવટી સુધારાઓ અંગે ભલામણો કરશે. આજના સમયમાં પેપર લીક માત્ર એક સામાન્ય ગુનો રહ્યો નથી, પરંતુ તે સંગઠિત ગુનાહિત નેટવર્કનું સ્વરૂપ ધારણ કરી ચૂક્યો છે. પ્રશ્નપત્ર તૈયાર થવાથી લઈને પ્રિન્ટિંગ, પરિવહન અને પરીક્ષા કેન્દ્ર સુધીની દરેક પ્રક્રિયામાં સુરક્ષાની ખામીનો લાભ ઉઠાવવામાં આવે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, મેસેજિંગ એપ્લિકેશનો અને અન્ય ડિજિટલ માધ્યમો દ્વારા પ્રશ્નપત્રોની ગેરકાયદે હેરફેર થતી હોવાના બનાવો સામે આવ્યા છે. આવી સ્થિતિમાં ટેકનોલોજી આધારિત સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવી સમયની માંગ બની ગઈ છે. ટાસ્ક ફોર્સની કાર્યપધ્ધતિ મુખ્યત્વે ત્રણ સ્તરે કેન્દ્રિત રહેશે. પ્રથમ સ્તરે નિવારક પગલાં તરીકે એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન, બ્લોકચેન આધારિત ટ્રેકિંગ, પરીક્ષા કેન્દ્ર પર ડિજિટલ અનલોકિંગ અને બાયોમેટ્રિક ચકાસણી જેવા આધુનિક ઉપાયો પર વિચાર કરવામાં આવશે. બીજા સ્તરે તપાસની પ્રક્રિયાને વધુ મજબૂત બનાવી પેપર લીક કરનારા ગેંગના ડિજિટલ ફૂટપ્રિન્ટ, નાણાકીય વ્યવહારો અને આંતરરાજ્ય નેટવર્કની ઓળખ કરી તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ત્રીજા સ્તરે પરીક્ષા આયોજન કરતી સંસ્થાઓમાં વહીવટી અને ટેકનિકલ સુધારાઓ લાવી સમગ્ર પરીક્ષા પ્રણાલીને વધુ કાર્યક્ષમ અને પારદર્શક બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવશે. ગૃહમંત્રી અમિત શાહે પણ સ્પષ્ટ જણાવ્યું છે કે પરીક્ષા પ્રણાલીની પવિત્રતા અને વિશ્વસનીયતા જાળવવા માટે આ ટાસ્ક ફોર્સ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.


# તપોવનની ગોદથી ગુરુમંત્ર સુધીઃ ભારતીય સંસ્કૃતિમાં ગુરુ-શિષ્ય પરંપરાનો દિવ્ય પ્રવાહ

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**



ભારતની સંસ્કૃતિ માત્ર રાજમહેલો, નગરો કે વૈભવની સંસ્કૃતિ નથી, પરંતુ તે તપોવનોની સંસ્કૃતિ છે. પશ્ચિમના દેશોમાં જ્ઞાનની શોધ મુખ્યત્વે પુસ્તકાલયો અને પ્રયોગશાળાઓમાં થઈ હતી, જ્યારે ભારતમાં જ્ઞાનનો પ્રકાશ ગંગાના પવિત્ર કિનારાઓ, હિમાલયની ગોદ અને ઘનઘોર વનોમાં આવેલા ઋષિઓના આશ્રમોમાં પ્રગટ થયો હતો. આપણા ઋષિ-મુનિઓએ પ્રકૃતિના સાનિધ્યમાં રહી તપ, સાધના અને ધ્યાન દ્વારા સત્યનો સાક્ષાત્કાર કર્યો હતો. આ તપોવનો માત્ર જંગલો નહોતા, પરંતુ જીવંત વિશ્વવિદ્યાલયો હતા, જ્યાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ જેવા ચારેય પુરુષાર્થોનું શિક્ષણ આપવામાં આવતું હતું. આ સમગ્ર પરંપરાના કેન્દ્રમાં ગુરુનું અતિમહત્ત્વનું સ્થાન હતું. ભારતીય દર્શનમાં ગુરુનું સ્થાન ઈશ્વર સમાન જ નહીં, પરંતુ ઈશ્વરને ઓળખાવનાર તરીકે વધુ મહત્ત્વનું માનવામાં આવ્યું છે. શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે.“ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વરઃ.” આ માત્ર કાવ્યાત્મક અભિવ્યક્તિ નથી, પરંતુ એક ગહન આધ્યાત્મિક સત્ય છે. ઈશ્વર તો સર્વત્ર વ્યાપક છે, પરંતુ તેની અનુભૂતિ કરાવનાર ગુરુ જ હોય છે. જેમ આંખો હોવા છતાં અંધકારમાં દીવાની જરૂર પડે છે, તેમ આત્મા હોવા છતાં આત્મજ્ઞાન માટે ગુરુરૂપ દીપકની આવશ્યકતા રહે છે. ‘ગુરુ’ શબ્દનો અર્થ પણ અત્યંત ગહન છે. ‘ગુ’ એટલે અંધકાર અને ‘રુ’ એટલે પ્રકાશ. જે અજ્ઞાનના અંધકારને દૂર કરીને જ્ઞાનનો પ્રકાશ પ્રગટાવે તે ગુરુ કહેવાય. તેથી ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સન્માન માત્ર વ્યક્તિનું નહીં, પરંતુ જ્ઞાન, સંસ્કાર અને પરંપરાનું સન્માન છે. જ્યારે શિષ્ય ગુરુના ચરણોમાં મસ્તક નમાવે છે, ત્યારે તે પોતાના અહંકારનું સમર્પણ કરે છે. આ સમર્પણથી જ તેનું હૃદય જ્ઞાન સ્વીકારવા માટે પાત્ર બને છે અને ગુરુ તેમાં જ્ઞાનનું અમૃત રેડી શકે છે. ગુરુ અને શિષ્યનો સંબંધ બાહ્ય શોધનો વિષય નથી. આજના સમયમાં લોકો ઘણી વખત ઈન્ટરનેટ અથવા વિવિધ માધ્યમો દ્વારા ગુરુ શોધવાનો પ્રયાસ કરે છે, પરંતુ સાચા ગુરુની પ્રાપ્તિ માત્ર શોધથી થતી નથી. આ સંબંધ આંતરિક પાત્રતા, નિર્મળતા અને સમર્પણ પર આધારિત છે. જ્યારે શિષ્યના હૃદયમાં સત્ય પ્રત્યેની નિષ્ઠાવાન જિજ્ઞાસા અને તીવ્ર તલપ જન્મે છે, ત્યારે સમગ્ર બ્રહ્માંડની ચેતના તેને યોગ્ય ગુરુ સુધી પહોંચાડે છે. તેવી જ રીતે, જ્યારે ગુરુમાં અનુભવની પરિપક્વતા અને કરુણાની પૂર્ણતા પ્રગટે છે, ત્યારે પાત્ર શિષ્યો આપોઆપ તેમની તરફ આકર્ષાય છે. જેમ નદીઓ સ્વાભાવિક રીતે સમુદ્રમાં મળી જાય છે, તેમ ગુરુ અને શિષ્યનું મિલન પણ પાત્રતાના આધારે થાય છે. આ પછી સ્વાભાવિક પ્રશ્ન થાય છે કે “ગુરુમંત્ર અને સાર્વત્રિક મંત્રોમાં શું તફાવત છે?” તેમજ જ્યાં સુધી સદગુરુની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી કયા મંત્રનો આશરો લેવો જોઈએ? આ પ્રશ્નનો ઉત્તર આપણા શાસ્ત્રોમાં સ્પષ્ટ રીતે આપવામાં આવ્યો છે. સાર્વત્રિક મંત્રો એ ઋષિઓ દ્વારા તપ અને સાધનાથી પ્રાપ્ત થયેલી અમૂલ્ય આધ્યાત્મિક સંપત્તિ છે.“શ્રી કૃષ્ણ શરણં મમ,” “ૐ નમો ભગવતે વાસુદેવાય,” ગાયત્રી મંત્ર અને મહામૃત્યુંજય મંત્ર જેવા મંત્રો કોઈ વ્યક્તિની કલ્પના નથી, પરંતુ ઋષિઓની દિવ્ય અનુભૂતિનું ફળ છે. તેથી આ મંત્રો સ્વયંસિધ્ધ અને સર્વકલ્યાણકારી માનવામાં આવે છે. સાર્વત્રિક મંત્રોની વિશેષતા એ છે કે તેમના જાપ માટે કોઈ વિશેષ દીક્ષા કે શુભ મુહૂર્તની આવશ્યકતા નથી. સૂર્ય જેમ દરેકને સમાન પ્રકાશ આપે છે, તેમ આ મંત્રો પણ દરેક સાધક માટે સમાન રીતે કલ્યાણકારી છે. જ્યાં સુધી જીવનમાં સદગુરુ દ્વારા વ્યક્તિગત ગુરુમંત્ર પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી પોતાના ઈષ્ટદેવના કોઈપણ સાર્વત્રિક મંત્રનો નિષ્ઠાપૂર્વક જાપ કરવો શ્રેષ્ઠ સાધના માનવામાં આવે છે. આ મંત્રોનું મુખ્ય કાર્ય મન અને ચિત્તની શુધ્ધિ કરવાનું છે. તેઓ મનની અશાંતિ, નકારાત્મકતા અને અજ્ઞાનને ધીમે ધીમે દૂર કરે છે. સતત જાપ દ્વારા સાધકમાં એવી આંતરિક પાત્રતા વિકસે છે કે જેથી તે સાચા ગુરુને ઓળખી શકે અને તેમની કૃપાનો અધિકારી બની શકે. આ દૃષ્ટિએ સાર્વત્રિક મંત્રો ગુરુપ્રાપ્તિ તરફ દોરી જતો રાજમાર્ગ છે. બીજી તરફ, “ગુરુમંત્ર” સંપૂર્ણપણે વ્યક્તિગત અને વિશિષ્ટ હોય છે. દરેક મનુષ્યના સંસ્કાર, સ્વભાવ, કર્મ અને આધ્યાત્મિક યાત્રા અલગ હોય છે. જેમ દરેક દર્દીને સમાન દવા યોગ્ય નથી હોતી, તેમ દરેક સાધક માટે એક જ સાધના યોગ્ય નથી હોતી. સદગુરુ પોતાના અનુભવ અને દિવ્ય દૃષ્ટિ દ્વારા શિષ્યની આંતરિક સ્થિતિને સમજે છે અને તેના કલ્યાણ માટે યોગ્ય મંત્રની દીક્ષા આપે છે. ગુરુમંત્ર માત્ર શબ્દોનો સમૂહ નથી. તેમાં ગુરુની વર્ષોની તપસ્યા, સંકલ્પશક્તિ અને જીવંત ચૈતન્ય સમાયેલું હોય છે. જ્યારે ગુરુ પોતાના શિષ્યને ગુરુમંત્ર આપે છે, ત્યારે તે પોતાની આધ્યાત્મિક શક્તિનો એક અંશ પણ તેમાં સ્થાપિત કરે છે. આ કારણે ગુરુમંત્રને બીજમંત્ર સમાન ગણવામાં આવે છે, જે ગુરુની કૃપાથી ઝડપથી ફળ આપવાનું શરૂ કરે છે. આથી સાધનાના માર્ગમાં એક મહત્વપૂર્ણ નિયમ યાદ રાખવો જોઈએ. જ્યાં સુધી વિધિવત્ સદગુરુની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી પોતાના ઈષ્ટદેવના મંત્ર, ગાયત્રી મંત્ર અથવા અન્ય કોઈ માન્ય સાર્વત્રિક મંત્રનો શ્રધ્ધાપૂર્વક જાપ કરવો જોઈએ. ગુરુની શોધમાં ઉતાવળ કરવી કે એકથી બીજા માર્ગે ભટકવું યોગ્ય નથી. નિષ્ઠાપૂર્વકનો જાપ જ સાધકને યોગ્ય સમયે યોગ્ય ગુરુ સુધી પહોંચાડે છે. અને જ્યારે ઈશ્વરની કૃપાથી સદગુરુની પ્રાપ્તિ થાય તથા તેઓ પ્રેમપૂર્વક ગુરુમંત્રની દીક્ષા આપે, ત્યારે તે ગુરુમંત્રને જીવનની મુખ્ય સાધના બનાવી દેવી જોઈએ. ગુરુમંત્રનો નિયમિત, શ્રધ્ધાપૂર્વક અને આજ્ઞાપાલન સાથે જાપ કરવાથી આધ્યાત્મિક વિકાસ વધુ ઝડપી બને છે. જો કોઈ સાધકને ગાયત્રી મંત્ર અથવા અન્ય સાર્વત્રિક મંત્ર પ્રત્યે વિશેષ ભાવ હોય, તો તે પોતાના ગુરુની આજ્ઞા લઈને તેનો જાપ ચાલુ રાખી શકે છે, પરંતુ તેની મુખ્ય નિષ્ઠા હંમેશા ગુરુમંત્ર પ્રત્યે જ હોવી જોઈએ, કારણ કે તેમાં ગુરુની કૃપા, આશીર્વાદ અને સંકલ્પશક્તિ જોડાયેલી હોય છે.અંતમાં એટલું જ સમજવું જોઈએ કે આધ્યાત્મિક માર્ગ તર્કનો નહીં, પરંતુ શ્રધ્ધા, સમર્પણ અને સાધનાનો માર્ગ છે. મંત્રનું રહસ્ય માત્ર તેના શબ્દોમાં નથી, પરંતુ તેના પ્રત્યેના ભાવ, વિશ્વાસ અને નિષ્ઠામાં રહેલું છે. આપણે કયો મંત્ર જપીએ છીએ તેનાથી વધુ મહત્વનું એ છે કે આપણે કેટલા શુધ્ધ હૃદય, અડગ શ્રધ્ધા અને પૂર્ણ સમર્પણ સાથે તેનો જાપ કરીએ છીએ. જ્યારે સાધકના હૃદયમાં આ ભાવ પ્રગટે છે, ત્યારે મંત્ર માત્ર ઉચ્ચારણ રહેતો નથી, પરંતુ આત્મજાગૃતિ અને ઈશ્વરપ્રાપ્તિનો જીવંત માર્ગ બની જાય છે.

## શબ્દ સંજોગ-૨૨૩૮



**આડી ચાવી :**

(૧) પરણતી વખતે કન્યાને પહેરવાનુ ધોળુ વસ્ત્ર (૪)
(૩) રકઝક, માથાકૂટ (૪)
(૬) એક ચોઘડીયું (૨)
(૭) તમે, અધાંરુ (૨)
(૮) ધનુષની દોરી (૩)
(૧૦) ઈટાલીનું જાણીતુ શહેર (૨)
(૧૩) આજનો યુવક એક નાની... ને કારણે યુવતીના પ્રેમમાં પડી જાય છે. (૨)
(૧૫) પહોળુ અને જાડુ એક પાથરણુ (૩)
(૧૭) દાઢીની બંને બાજુ રખાતા વાળના લાંબા થોભિયામાનો પ્રત્યેક (૩)
(૧૯) એક જ નામથી ઓળખાતો લોકસમૂહ (૨)
(૨૧) બારણુ, દરવાજો (૨)
(૨૩) સ્ત્રીઓનું એક ઘરેણુ (૨)
(૨૫) ભરતી, ઝાર (૩)
(૨૭) હિંડોળો, હીંચકો (૨)
(૨૮) એક જાતની ડાંગર (૩)
(૨૯) ઉંઘથી ઘોરવુ તે (૩)
(૩૧) દેવપૂજાનું પાણી (૩)
(૩૨) પાર ઉતારવુ તે, ઉધ્ધાર (૩)

**ઉભી ચાવી :**

(૧) પગના તળિયાનો એડી તરફનો ભાગ (૨)
(૨) ભોંય ખોદીને કરેલો ચૂલો (૩)
(૩) એક વનસ્પતિ (૩)
(૪) વાદ્ય પર વગાડવાની સ્વરોની રચના (૨)
(૫) કોલકાતાનું હવાઈમથક (૪)
(૯) છળ, ખોટોવેશ (૨)
(૧૧) લહેર, આનંદ (૨)
(૧૨) ખોટા દાનતથી બોલાયેલુ.....સત્ય પણ સો ભયંકર જૂઠાણાઓ કરતાય વધુ ખતરનાક છે. (૩)
(૧૪) સેંકડાના પ્રમાણમાં ગણતરી (૨)
(૧૬) સાપની કાંચળી (૨)
(૧૮) અંગ્રેજીમાંથી ગુજરાતી કરો (૪)
(૨૦) લશ્કરી વહાણ (૪)
(૨૨) દુકાળ, ક્રોધ (૨)
(૨૪) અખરામણ, મિશ્રણ (૪)
(૨૬) વગાડવુ તે (૩)
(૨૮) એક વાનગી (૨)
(૨૯) એક ફેરે રંધાય એટલો જથ્થો (૨)
(૩૦) શરીરની રગોની ખેંચ (અ)

## શબ્દ સંજોગ-૨૨૩૭ જવાબ

**આડી ચાવીઃ** (૧) ધૂમ (૪) સરકાર (૭) નવલકિશોર (૯) મસ (૧૦) નવલ (૧૧) યાદ (૧૩) ધરમ (૧૬) રસિક (૧૮) વજૂ (૧૯) કપિ (૨૦) વર (૨૧) હલ (૨૨) ભવાયો (૨૩) પેટાળ (૨૪) નવાણ (૨૫) ખેંચ (૨૬) ધનેશ્વર (૨૮) મોર (૨૯) રડકણ . **ઉભી ચાવીઃ** (૧) ધૂન (૨) મવન (૩) કોકિલ (૪) સર (૫) કામદ (૬) રસ (૮) લવચીક (૧૧) યામ (૧૨) શૈરવ (૧૩) ધવલ (૧૪) રજૂ (૧૫) રૂપિયો (૧૭) સિરપેચ (૧૯) કવાણ (૨૧) હળધર (૨૨) ભવારડ (૨૪) નશ્વર (૨૫) ખેંચ (૨૭) ભાણ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૯૨૫ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૮૧ |
| જુવાર સફેદ | ૧૦૫૦ | ૧૨૧૨ |
| જુવાર લાલ | ૧૧૩૬ | ૧૩૦૦ |
| જુવાર પીળી | ૩૮૦ | ૪૭૦ |
| બાજરી | ૨૫૦ | ૪૮૧ |
| તુવેર | ૧૦૧૦ | ૧૫૭૭ |
| ચણા પીળા | ૧૦૫૦ | ૧૨૨૯ |
| ચણા સફેદ | ૧૦૭૦ | ૧૮૫૬ |
| અડદ | ૧૩૫૦ | ૨૦૧૧ |
| મગ | ૧૧૦૦ | ૧૮૨૦ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૨૩૦ |
| ચોળી | ૯૫૦ | ૧૬૬૦ |
| વટાણા | ૫૮૦ | ૮૪૦ |
| કળથી | ૪૫૦ | ૬૦૩ |
| રાજમા | ૧૨૦૦ | ૨૦૮૧ |
| સીંગદાણા | ૧૮૦૦ | ૨૨૭૫ |
| મગફળી જાડી | ૧૨૩૦ | ૧૬૪૦ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૫૪૦ |
| તલી | ૨૨૨૦ | ૨૫૦૦ |
| એરંડા | ૧૨૭૦ | ૧૪૦૨ |
| સુવા | ૧૪૫૦ | ૧૪૫૦ |
| સોયાબીન | ૧૦૫૦ | ૧૪૩૮ |
| સીંગફાડા | ૧૫૨૫ | ૧૮૬૦ |
| કાળા તલ | ૨૩૫૦ | ૩૭૨૧ |
| લસણ | ૧૧૪૧ | ૨૪૦૦ |
| ધાણા | ૨૫૦૧ | ૨૯૬૦ |
| ધાણી | ૨૫૨૫ | ૨૯૮૦ |
| વરીયાળી | ૧૩૫૦ | ૧૭૪૦ |
| જીરૂ | ૩૩૫૦ | ૩૯૫૭ |
| રાય | ૧૩૫૦ | ૧૯૨૫ |
| મેથી | ૯૩૦ | ૧૮૦૦ |
| ઇસબગુલ | ૧૭૦૦ | ૧૮૦૦ |
| કલોંજી | ૩૦૨૦ | ૩૭૧૩ |
| રાયડો | ૧૨૩૦ | ૧૫૨૦ |
| રજકાનું બી | ૬૦૦૦ | ૬૬૫૦ |
| ગુવારનું બી | ૧૧૫૨ | ૧૧૫૨ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૩૮૮ | ૭૯૫ |
| પપૈયા | ૧૯૦ | ૩૮૭ |
| બટેટા | ૮૩ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૧૬૦ | ૪૮૧ |
| ટમેટા | ૨૮૦ | ૫૦૬ |
| સુરણ | ૬૭૯ | ૮૮૨ |
| કોથમરી | ૧૮૫૧ | ૨૪૬૮ |
| રીંગણા | ૬૧ | ૧૮૨ |
| કોબીજ | ૨૭૨ | ૪૯૨ |
| ફ્લાવર | ૨૨૩ | ૪૬૭ |
| ભીંડો | ૩૪૧ | ૭૮૬ |
| ગુવાર | ૩૫૨ | ૯૭૮ |
| ચોળાસીંગ | ૬૬૪ | ૧૫૫૧ |
| ટીંડોળા | ૪૨૧ | ૮૧૩ |
| દુધી | ૩૨૪ | ૫૧૮ |
| કારેલા | ૧૩૩ | ૪૨૩ |
| સરગવો | ૪૬૧ | ૯૪૪ |
| તુરીયા | ૪૦૩ | ૬૧૬ |
| પરવર | ૫૨૪ | ૭૩૭ |
| કાકડી | ૨૫૨ | ૭૯૩ |
| ગાજર | ૩૨૭ | ૪૫૮ |
| વટાણા | ૧૪૪૮ | ૨૬૧૦ |
| ગલકા | ૧૪૮ | ૪૧૧ |
| બીટ | ૪૦૩ | ૫૯૭ |
| મેથી | ૧૬૪૩ | ૨૦૪૮ |
| ડુંગળી લીલી | ૬૦૫ | ૧૨૦૩ |
| આદુ | ૧૬૧૮ | ૩૨૩૪ |
| મરચા લીલા | ૮૨૫ | ૧૦૩૧ |
| મકાઇ લીલી | ૨૪૩ | ૪૫૭ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૧ | ૧૮૫૬ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૬૬ |
| ઘઉં ટુકડા | ૪૯૨ | ૫૬૮ |
| મગફળી જીણી | ૯૮૧ | ૧૩૦૦ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૨૦૨૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૧ | ૧૭૫૧ |
| એરંડા / એરંડી | ૧૧૮૧ | ૧૩૯૬ |
| જીરૂ | ૨૨૦૦ | ૪૦૯૧ |
| ક્લંજી | ૧૫૦૧ | ૩૬૦૧ |
| વરીયાળી | ૧૭૦૧ | ૧૮૦૧ |
| ધાણા | ૨૫૦૧ | ૩૧૩૧ |
| લસણ સુકું | ૧૦૦૧ | ૨૨૫૧ |
| ડુંગળી લાલ | ૧૪૧ | ૫૫૧ |
| અડદ | ૧૧૦૦ | ૧૯૭૧ |
| તુવેર | ૧૦૨૬ | ૧૫૪૧ |
| રાય | ૧૫૫૧ | ૧૭૦૦ |
| મેથી | ૮૫૧ | ૧૩૮૧ |
| સુવાદાણા | ૭૭૬ | ૭૭૬ |
| કાંગ | ૩૦૦ | ૬૬૧ |
| મગફળી જાડી | ૧૧૪૧ | ૧૬૬૧ |
| તલ - તલી | ૧૯૦૧ | ૨૭૧૧ |
| ધાણી | ૨૬૦૧ | ૩૧૦૧ |
| બાજરો | ૨૬૧ | ૪૩૧ |
| જુવાર | ૧૧૭૧ | ૧૨૨૧ |
| મકાઇ | ૪૫૧ | ૪૫૧ |
| મગ | ૭૦૦ | ૧૭૫૧ |
| વાલ | ૭૫૧ | ૧૦૫૧ |
| ચોળા / ચોળી | ૬૭૬ | ૧૪૧૧ |
| સોયાબીન | ૧૧૫૧ | ૧૪૦૬ |
| અરીઠા | ૫૦૦ | ૫૦૦ |
| ગોગળી | ૭૦૧ | ૧૩૨૧ |
| વટાણા | ૪૦૦ | ૮૧૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૧૮૦ | ૬૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૮૦૦ |
| કોબી | ૩૦૦ | ૮૦૦ |
| દુધી | ૨૦૦ | ૮૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦ | ૨૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૪૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૫૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૨૩૮૦ | ૨૮૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૮૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૧૦ |
| કોથમીર પુરા | ૫ | ૮ |
| મૂળા પુરા | ૪ | ૧૨ |
| ચ્રૂણ | ૯૮૦ | ૧૨૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૧૬૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૫ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| સરગવો પુરા | ૩૦ | ૬૦ |
| ચોરા | ૨૦૦ | ૨૦૦૦ |
| કારેલા | ૧૮૦ | ૮૦૦ |
| વાલોર | ૮૦૦ | ૧૬૦૦ |
| કાચા પોપૈયા | ૨૦૦ | ૩૬૦ |
| આદુ | ૧૨૦૦ | ૩૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૫ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૭૫ |
| શિંગદાણા ફાડા | ૧૬૦૦ | ૨૧૭૫ |
| તલ સફેદ | ૧૪૯૦ | ૨૬૯૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૮૧૫ |
| તલ કાશમીરી | ૨૧૩૦ | ૨૪૩૦ |
| બાજરો | ૪૭૦ | ૪૭૦ |
| જુવાર | ૪૧૫ | ૧૨૫૫ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૦ |
| ઘઉં લોકવન | ૪૭૫ | ૫૬૦ |
| મકાઈ | ૩૮૦ | ૫૨૫ |
| મગ | ૯૩૦ | ૧૪૯૫ |
| અડદ | ૬૦૦ | ૧૯૧૦ |
| ચણા | ૮૬૦ | ૧૨૬૫ |
| સફેદ ચણા | ૧૦૭૫ | ૧૧૫૦ |
| છોલે ચણા | ૯૬૦ | ૧૨૧૦ |
| તુવેર | ૮૦૦ | ૧૪૭૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૯૦૫ |
| એરંડા | ૮૫૦ | ૧૩૮૦ |
| જીરૂ | ૧૧૫૦ | ૩૭૧૦ |
| ધાણી | ૧૭૪૦ | ૩૦૦૦ |
| મેથી | ૮૦૦ | ૧૨૬૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૪૯૦ |
| રજકાનું બી | ૧૦૦૦ | ૮૬૨૫ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૭૦ | ૨૫૦ |
| રીંગણા | ૧૨૦ | ૩૧૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૫૨૦ | ૫૯૦ |
| શકકરીયા | ૬૯૦ | ૮૦૦ |
| ટમેટાં | ૫૦૦ | ૭૫૦ |
| સુરણ | ૮૫૦ | ૯૬૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૨૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| ચીભડા | ૬૦૦ | ૮૨૦ |
| કાકડી | ૪૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૧૦૨૦ | ૧૪૩૦ |
| વટાણા | ૨૯૨૦ | ૩૦૨૦ |
| ચોળા લીલા | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૬૨૦ | ૭૩૦ |
| આદુ | ૧૮૦૦ | ૨૮૦૦ |
| કોથમીર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૧૦૦૦ |
| ફોદીનો | ૯૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૬૯૦ | ૭૯૦ |
| બીટ | ૪૦૦ | ૪૮૦ |
| સરગવો | ૮૦૦ | ૯૦૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૮૦૦ | ૧૨૫૦ |
| ડુંગળી લીલી | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ડુંગળી સુકી | ૩૬૦ | ૫૪૦ |
| લસણ સુકું | ૧૨૫૦ | ૨૪૦૦ |
| પાલક | ૭૫૦ | ૮૫૦ |
| લીબુ | ૭૦૦ | ૮૦૦ |
| મકાઈ | ૨૪૦ | ૪૦૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૨૦૦ | ૧૪૨૫ |
| શીંગ દાણા | ૧૯૦૦ | ૨૩૦૫ |
| તલ સફેદ | ૨૨૫૦ | ૨૫૪૧ |
| તલ કાળા | ૩૩૦૦ | ૩૭૪૧ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૮૦૧ |
| કપાસ | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૦ |
| બાજરો | ૪૫૦ | ૫૧૦ |
| જુવાર | ૬૦૦ | ૧૧૯૦ |
| મકાઈ | ---- | ૪૯૦ |
| મગ | ૧૩૫૦ | ૧૬૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૧૫ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૧૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૭૦૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| મગફળી | ૧૦૭૦ | ૧૩૦૦ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૧૭ |
| તુવેર | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૨૧૦૦ | ૨૭૦૦ |
| મગ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| દાણા | ૨૧૦૦ | ૨૭૦૦ |
| સોયાબીન | ૧૩૮૦ | ૧૩૮૦ |
| બાજરો | ૩૭૦ | ૪૫૦ |
| કલોંજી | ૨૭૯૦ | ૨૭૯૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૦ | ૧૫૭૦ |
| મગફળી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ઘઉ લોકવન | ૪૨૦ | ૫૧૦ |
| જુવાર | ૯૦૦ | ૯૦૦ |
| ઘઉ ટુકડા | ૫૨૧ | ૫૨૧ |
| મેથી | ૧૨૩૦ | ૧૨૩૦ |
| તલ સફેદ | ૨૧૫૦ | ૨૩૫૦ |
| અડદ | ૧૨૩૦ | ૧૨૩૦ |
| ચણા સોલે | ૧૩૩૫ | ૧૩૩૫ |
| શીંગદાણા | ૧૬૦૦ | ૧૯૨૬ |
| સોયાબીન | ૧૦૦૫ | ૧૪૧૦ |
| ચણા | ૯૬૦ | ૧૨૧૧ |
| તલ કાળા | ૧૪૫૦ | ૩૩૦૦ |
| ધાણા | ૩૦૬૦ | ૩૧૦૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| મગફળી | ૧૦૪૦ | ૧૧૭૦ |
| તલ સફેદ | ૨૨૫૦ | ૨૬૧૦ |
| તલ કાળા | ૩૧૧૦ | ૩૫૨૧ |
| જીરૂ | ૩૪૨૦ | ૩૮૪૦ |
| ચણા | ૧૧૭૦ | ૧૨૦૦ |
| ઘઉ | ૪૮૦ | ૫૨૫ |
| મગ | ૧૧૪૦ | ૧૪૨૧ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૪૦૧ | ૫૩૦ |
| બાજરો | ૨૯૬ | ૨૯૬ |
| મકાઈ | ૮૫૧ | ૫૮૧ |
| ચણા | ૮૦૧ | ૧૧૫૬ |
| વાલ | ૫૦૦ | ૫૦૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| તુવેર | ૭૫૧ | ૧૫૦૬ |
| મગફળી | ૭૨૬ | ૧૧૫૦ |
| શિંગદાણા | ૧૫૦૧ | ૨૦૦૬ |
| શિંગફાડા | ૧૩૫૧ | ૧૭૦૧ |
| એરંડા | ૧૨૫૧ | ૧૨૫૧ |
| તલ સફેદ | ૧૪૯૧ | ૨૩૯૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૨૮૪૧ |
| મેથી | ૮૫૧ | ૧૪૫૬ |
| ધાણા | ૧૮૦૧ | ૩૦૦૧ |
| લસણ | ૧૨૬૧ | ૧૨૬૧ |
| સોયાબીન | ૮૫૧ | ૧૩૯૧ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ૩૨ | ૧૬૨૮ | ૧૭૫૪ |
| શીંગ મગડી | ૧૬૨૮ | ૧૭૫૪ |
| શીંગ જી-૨૦ | ૬૬૬ | ૧૧૩૨ |
| એરંડા | ૧૨૫૮ | ૧૨૬૨ |
| જુવાર | ૪૩૦ | ૧૧૬૦ |
| બાજરી | ૩૦૫ | ૫૦૬ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૮૬ |
| અડદ | ૧૮૦૦ | ૧૯૩૮ |
| મગ | ૧૩૦૦ | ૧૬૫૨ |
| ચણા | ૧૦૫૮ | ૧૨૩૫ |
| તલ સફેદ | ૧૮૫૦ | ૨૫૨૨ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૬૭૦ |
| તુવેર | ૩૫૦ | ૧૧૨૨ |
| ડુંગળી લાલ | ૮૯ | ૫૩૨ |
| ડુંગળી સફેદ | ૧૫૦ | ૪૯૫ |
| કપાસ શંકર | ૧૩૧૫ | ૧૫૯૦ |
| નાળીયેર | ૩૬૦ | ૩૦૪૨ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૧૦૦ | ૧૪૪૦ |
| બાજરી હાઈબ્રીડ | ૪૪૦ | ૫૪૧ |
| ઘઉં | ૪૭૦ | ૫૬૧ |
| જુવાર | ૧૦૪૦ | ૧૧૦૫ |
| અડદ | ૧૭૦૦ | ૨૦૧૨ |
| મગ | ૧૪૫૦ | ૨૦૯૮ |
| એરંડી | ૧૧૫૦ | ૧૩૫૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૦૭ |
| સફેદ તલ | ૨૦૦૦ | ૨૫૫૨ |
| કાળા તલ | ૨૭૦૦ | ૩૯૭૦ |
| સોયાબીન | ૧૩૫૪ | ૧૪૨૧ |
| સીંગદાણા | ૧૭૦૦ | ૨૦૯૮ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૧૧૮૦ | ૧૨૬૦ |
| બાજરી | ૪૦૦ | ૪૭૦ |
| ઘઉં | ૪૫૦ | ૫૨૬ |
| મગ | ૧૪૨૫ | ૧૭૧૦ |
| અડદ | ૬૫૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૨૨૦ | ૧૩૫૫ |
| ચણા | ૧૧૯૦ | ૧૨૪૮ |
| ચણા સફેદ | ૧૪૨૫ | ૧૪૭૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૩૫૦ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૪૫૦ |
| એરંડા | ૧૨૫૫ | ૧૩૫૯ |
| તલી | ૧૭૦૦ | ૨૫૦૦ |
| તલ કાળા | ૧૮૦૦ | ૩૫૮૫ |
| લસણ | ૮૦૦ | ૨૫૬૦ |
| કપાસ | ૧૦૯૦ | ૧૮૦૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૦૩૦ |
| અજમો | ૨૩૬૦ | ૩૧૨૫ |
| અજમાની ભૂસી | ૬૫ | ૧૯૦૦ |
| ધાણા-ધાણી | ૧૭૦૦ | ૨૯૫૫ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૫૫૫ |
| શીંગદાણા | ૧૬૦૦ | ૨૧૦૦ |
| વટાણા | ૪૩૫ | ૭૦૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| તલ સફેદ | ૨૩૦૦ | ૨૬૦૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૩૩૩ |
| કપાસ | ૧૪૦૦ | ૧૫૦૦ |
| બાજરો | ૪૨૫ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૩૦ |
| જુવાર | ૪૦૧ | ૧૨૩૧ |
| મગ | ૧૨૬૦ | ૧૫૫૩ |
| અડદ | ૯૦૦ | ૨૦૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૭૫ |
| એરંડી | ૧૧૭૫ | ૧૧૭૫ |
| શીંગદાણા | ૧૩૫૦ | ૨૦૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**મંડળીના ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆના અધ્યક્ષસ્થાને તેમજ પૂ. વિસામણબાપુની જગ્યાના મહંત નિર્મળાબા અને સંચાલક ભયલુબાપુની હાજરીમાં**

# બગસરા શરાફી મંડળીની વાર્ષિક સાધારણ સભા પાળીયાદ મુકામે યોજાઈ

અમરેલી,તા.૨૭

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લિમિટેડની ૪૨મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન પાળિયાદ વિહળધામ ખાતે કરવામાં આવ્યું હતું. સભામાં મોટી સંખ્યામાં સભાસદો, આગેવાનો અને વિવિધ શાખાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. મંડળીના ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆના અધ્યક્ષસ્થાને તેમજ પૂ. વિસામણબાપુની જગ્યાના મહંત નિર્મળાબા અને સંચાલક ભયલુબાપુ ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમ દરમિયાન મંડળીના વર્ષ દરમિયાનના વહીવટી અહેવાલ, નફા-નુકસાનના હિસાબો, સરવૈયા તેમજ આગામી આયોજન અંગે વિગતવાર માહિતી રજૂ કરવામાં આવી હતી. સભામાં રજૂ કરાયેલા આંકડા મુજબ મંડળીનો ચોખ્ખો નફો ૭.૭૨ કરોડ રૂપિયા નોંધાયો હતો. ઉપરાંત આશરે ૧૯૦ કરોડ રૂપિયાની થાપણ અને ૧૨૦ કરોડ રૂપિયાનું ધિરાણ હોવાનું જણાવાયું હતું. સરકારના સહકારી નિયમોને અનુરૂપ સભાસદોને ૧૯ ટકા લેખે લાભાંશ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આ નિર્ણયને સભાસદોએ સર્વાનુમતે મંજૂરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન મંડળીની પારદર્શક કામગીરી, નાણાકીય શિસ્ત અને સતત વિકાસ માટે સંચાલન મંડળની પ્રશંસા કરવામાં આવી હતી. સહકારી



ક્ષેત્રમાં મંડળીએ નોંધપાત્ર પ્રગતિ કરી હોવાનું જણાવાયું હતું. છેલ્લા વર્ષ દરમિયાન વિવિધ સેવાઓ અને યોજનાઓનો લાભ મોટી સંખ્યામાં સભાસદોને મળ્યો હોવાનું પણ જણાવવામાં આવ્યું હતું. સભા પૂર્ણ થયા બાદ સહકારી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સહકારના માધ્યમથી ગ્રામ વિકાસ, આર્થિક સશક્તિકરણ અને સભાસદ કેન્દ્રિત કામગીરીને વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. મંડળીના વિકાસમાં સભાસદોના વિશ્વાસ અને સહયોગને સૌથી મોટી તાકાત ગણાવવામાં આવી હતી. આ પ્રસંગે મંડળીની સ્થાપનાથી જોડાયેલા પ્રારંભિક સભાસદોનું સન્માન કરવામાં આવ્યું હતું. વિવિધ ક્ષેત્રના આગેવાનો, સહકારી સંસ્થાના પ્રતિનિધિઓ, લોકપ્રતિનિધિઓ તથા સામાજિક આગેવાનોએ મંડળીની કામગીરીને અભિનંદન પાઠવ્યા હતા. આ સાધારણ સભામાં ચલાલા દાનબાપુની જગ્યાના લઘુ મહંત ઉદયબાપુ, દાદાભાઈ વરૂ, આશિષભાઈ અકબરી, જયરાજભાઈ વાળા, રમેશભાઈ સુહાગીયા, બોટાદ પંથકના રાજકિય અને સહકારી અગ્રણીઓ હાજર રહ્યા હતા. આ સાધારણ સભાને સફળ બનાવવા શાખા એમ.ડી. વિનુભાઈ રાદડીયા, મહેશભાઈ વ્યાસ, દિલીપભાઈ નેપાળી સહિતનાઓએ જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમનું સંચાલન મંડળીના જનરલ એમ.ડી. નિતેષ ડોડીયા, સેક્રેટરી ડી.જી.મહેતા સહિતનાઓએ કર્યુ હતુ તેમ ફીલ્ડ ઓફિસર જયદીપ નાકરાણી અને આસી. જનરલ સેક્રેટરી પ્રવિણસિંહ રાઠોડની યાદી જણાવે છે.

## લંડન સ્થિત SSGP ગુરુકુળ દ્વારા યોજાયો હિન્દુ જીવનશૈલી સેમિનાર




અમરેલી,તા.૨૭

લંડન સ્થિત SSGP ગુરુકુળ દ્વારા વિશેષ હિન્દુ જીવનશૈલી સેમિનારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઓક્સફોર્ડ યુનિવર્સિટીના હિન્દુ સ્ટડી સેન્ટરના પ્રમુખ શૌનકજી, હેરોના મેયર યોગેશ તૈલી, કાઉન્સિલરો કાંતિભાઈ રાબડિયા, આશિષ હાલાઈ, જયંતિ પટેલ અને મનોજ મિશ્રા ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે જ શશીભાઈ વેકરિયા, મનુ રામજી અને નારણ રાબડિયા અનેક હસ્તીઓએ પણ હાજરી આપી હતી.

## અમરેલી કલેક્ટર કચેરી ખાતે હિન્દુ સંગઠનો દ્વારા આવેદનપત્ર પાઠવાયું

અમરેલી,તા.૨૭

અમરેલી કલેક્ટર કચેરી ખાતે વિવિધ હિન્દુ સંગઠનો અને સાધુ-સંતોની વિશાળ ઉપસ્થિતિમાં કલેક્ટરશ્રીને એક આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.



આ આવેદનપત્રમાં ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવા તથા દેશભરમાં ગૌહત્યા સંપૂર્ણપણે અટકાવવા માટે સરકાર સમક્ષ ઉગ્ર માંગ કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદના અમરેલી જિલ્લા પ્રમુખ વિજયભાઈ દેસાઈ, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના પ્રદેશ ઉપાધ્યક્ષ ડૉ. ગજેરા સાહેબ, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના પ્રદેશ મંત્રી મજબૂતભાઈ બસિયા તેમજ વિશ્વ હિન્દુ પરિષદ ભાવનગર વિભાગના મંત્રી રમીલાબેન પટોળીયા સહિતના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. તમામ આગેવાનોએ ગૌરક્ષા માટે કડક કાયદો બનાવવા અને ગૌમાતાનું સન્માન જાળવવા એકસૂરે અવાજ ઉઠાવ્યો હતો.

## આઈ.ટી.આઈ. લાઠી અને સા.કુંડલા ખાતે આજે રોજગાર ભરતી મેળો


અમરેલી,તા.૨૭

અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને ITI લાઠી-સવારકુંડલાના સંયુક્ત ઉપક્રમે ૨૮ જુલાઈ ૨૦૨૬ (મંગળવાર)ના રોજ સવારે ૧૧ કલાકે ITI લાઠી,અને આઈટીઆઈ સાવરકુંડલા ખાતે રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળામાં EDF IN દ્વારા 'સ્માર્ટ મીટર ઈન્સ્ટોલર' પદ માટે (ઉંમર ૧૮-૫૦ વર્ષ, લાયકાત ITI ઈલેક્ટ્રિશિયન/વાયરમેન, ૧ વર્ષનો અનુભવ, માસિક પગાર રૂ.૨૫,૦૦૦, માત્ર પુરુષો) અને CAG Ltd. દ્વારા 'ટ્રેનિંગ બ્રાન્ચ મેનેજર' પદ માટે (ઉંમર ૧૮-૩૦ વર્ષ, લાયકાત ધોરણ ૧૦ પાસ કે તેથી વધુ, માસિક પગાર રૂ.૧૬,૦૦૦, સ્ત્રી-પુરુષ બંને) પસંદગી પ્રક્રિયા હાથ ધરાશે. રસ ધરાવતા ઉમેદવારોએ મૂળ પ્રમાણપત્રો, આધાર કાર્ડ અને બાયોડેટા સાથે હાજર રહેવું. ભરતીમેળામાં ભાગ લેતા પહેલા અનુબંધમ પોર્ટલ (anubandham.gujarat.gov.in) પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.

## ધોરાજીના સુપેડી પાસે નેશનલ હાઈવે પર દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરાઈ

ધોરાજી,તા.૨૭

ધોરાજી-પોરબંદર નેશનલ હાઈવે પર આવેલા સુપેડી ગામ નજીક નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા દબાણ હટાવવાની મોટો કામગીરી હાથ ધરવામાં આવી હતી. હાઈવેની હદમાં ગેરકાયદેસર રીતે ઊભી કરાયેલી આશરે ૨૦ જેટલી હોટલો અને દુકાનો પર ચાર જેસીબીની મદદથી ડિમોલિશન કરવામાં આવ્યું હતું.



હાઈવે ઓથોરિટીના સુપરવાઈઝર પ્રશાંત રંગારીના જણાવ્યા અનુસાર, વાહનચાલકોની સુરક્ષા અને ટ્રાફિકની સમસ્યાને ધ્યાને રાખીને માર્ચ ૨૦૨૬માં જ તમામ દબાણકર્તાઓને નોટિસ આપવામાં આવી હતી, પરંતુ તેમણે સ્વયંભૂ દબાણ ન હટાવતા પોલીસ બંદોબસ્ત સાથે આ કાર્યવાહી કરાઈ છે. બીજી તરફ, સ્થાનિક વેપારી ભાવિન ભલાણી અને ઘનશ્યામ હરિયાળાએ તંત્રના દાવાને ફગાવતા આક્ષેપ કર્યો છે કે કોઈપણ પૂર્વ નોટિસ આપ્યા વિના ચોમાસાની ઋતુમાં અચાનક હાથ ધરાયેલા ડિમોલિશનથી વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. ઉપલેટાથી જેતપુર રોડ પરના અન્ય દબાણો સામે પણ આવી જ કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

## ગુજરાત શિપ બિલ્ડિંગ એન્ડ રિપેર પોલિસી-૨૦૨૬નો પ્રારંભ, રૂ. ૨૭ હજાર કરોડના રોકાણની સંભાવના

ગાંધીનગર,તા.૨૭

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોમવારે ગુજરાત શિપ બિલ્ડિંગ એન્ડ રિપેર પોલિસી-૨૦૨૬નો પ્રારંભ કરાવ્યો હતો. રાજ્યના ૨,૩૪૦ કિલોમીટર લાંબા દરિયાકિનારાનો અસરકારક ઉપયોગ કરીને ગુજરાતને દેશનું અગ્રણી મેરીટાઈમ હબ બનાવવાના ઉદ્દેશ સાથે આ નવી નીતિ જાહેર કરવામાં આવી છે. આ પોલિસી



હેઠળ પોરબંદર જિલ્લાના કુછડી ખાતે મેગા ગ્રીનફિલ્ડ શિપબિલ્ડિંગ ક્લસ્ટર વિકસાવવામાં આવશે, જેને કેન્દ્ર સરકારની મંજૂરી મળી ચૂકી છે. ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા ક્લસ્ટર માટે ડીપીઆર તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. આ પ્રોજેક્ટમાં વિશ્વસ્તરીય બે થી ત્રણ શિપયાર્ડ સ્થાપવા માટે અંદાજે રૂ.૨૩,૭૦૦ કરોડનું ખાનગી રોકાણ અને માળખાકીય સુવિધાઓ માટે રૂ.૩,૩૦૦ કરોડનું રોકાણ થવાની સંભાવના છે.

આમ સમગ્ર પ્રોજેક્ટમાં રૂ.૨૭,૦૦૦ કરોડથી વધુનું રોકાણ આકર્ષાઈ શકે છે, જેનાથી રાજ્યમાં રોજગારી, ઉદ્યોગ અને બંદર આધારિત વિકાસને નવી ગતિ મળશે.

## બગસરા નર્સિંગ હોસ્ટેલમાં પથ્થરમારાથી વિદ્યાર્થીનીઓમાં ભયનો માહોલ

**વાલીઓનો આક્રોશ, સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવાની ઉગ્ર માંગ**

બગસરા,તા.૨૭

બગસરામાં આવેલી એ.એન.એમ. ડિગ્રી સરકારી નર્સિંગ સ્કૂલના હોસ્ટેલમાં રહેતી ૩૪ વિદ્યાર્થીનીઓની સુરક્ષાને લઈને ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. ગત ૨૨મી તારીખે રાત્રિના સમયે કેટલાક અસામાજિક તત્વોએ હોસ્ટેલ પર પથ્થરમારો કરતાં વિદ્યાર્થીનીઓમાં ભારે ભય અને ગભરાટ ફેલાયો હતો. ઘટનાની જાણ થતાં આજે મોટી સંખ્યામાં વાલીઓ હોસ્ટેલ ખાતે પહોંચ્યા હતા અને આચાર્ય તેમજ શિક્ષકો સમક્ષ ઉગ્ર રજૂઆત કરી હતી. વાલીઓના જણાવ્યા મુજબ આચાર્યએ સાંજે પાંચ વાગ્યા પછી વિદ્યાર્થીનીઓની જવાબદારી પોતાની નથી તેમ જણાવતા રોષ વધુ ભભૂકી ઉઠ્યો હતો.


તસવીર : હાર્દિક બામટા

હાલ હોસ્ટેલમાં મહિલા વોર્ડનની જગ્યા ખાલી હોવાનું સામે આવ્યું છે અને તેનો ચાર્જ કોની પાસે છે તે અંગે પણ સ્પષ્ટ જવાબ મળ્યો નથી. રાત્રિના સમયે સ્ટાફ હાજર ન રહેતો હોવાથી વિદ્યાર્થીનીઓ એકલી રહેવા મજબૂર બનતી હોવાનું વાલીઓએ જણાવ્યું હતું. આ ઉપરાંત જ્યાં વિદ્યાર્થીનીઓ રહે છે તે હોસ્ટેલમાં પીવાના પાણી સહિતની પ્રાથમિક સુવિધાઓનો પણ અભાવ હોવાનું સામે આવ્યું છે.

શિક્ષણ માટે ઉપયોગમાં લેવાતી ઈમારત પણ જર્જરિત હાલતમાં હોવાનું જણાવાયું છે. વાલીઓએ સ્થાનિક તંત્ર અને પોલીસ તાત્કાલિક હસ્તક્ષેપ કરી હોસ્ટેલમાં પૂરતી સુરક્ષા વ્યવસ્થા, મહિલા વોર્ડનની નિમણૂક અને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની માંગ કરી છે. કોઈ અનિચ્છનીય ઘટના બને તે પહેલાં જવાબદાર તંત્ર અસરકારક પગલાં ભરે તેવી માંગ ઉઠી છે.

## ઉના-ભાવનગર હાઈ-વે પર નવા બ્રિજના છેડે મોટી તિરાડો

ઉના,તા.૨૭

ઉના-ભાવનગર નેશનલ હાઈવે પર સામતેર અને ટીબી ગામ વચ્ચે રાવલ નદી પર થાય છે. નદી પર બનાવેલા નવા બ્રિજના છેડાના ભાગમાં મોટી તિરાડ પડી છે. રસ્તા નીચે પોલાણ સર્જાતા વાહનો પસાર થતી વખતે બ્રિજ ધ્રૂજી રહ્યો છે. આ ગંભીર સમસ્યાને કારણે નેશનલ હાઈવે પરથી પસાર થતા હજારો વાહનચાલકોની સલામતી સામે પ્રશ્નાર્થ ચિન્હ સર્જાયો છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) ઘોરનિદ્રામાં છે. ત્યારે વાહનચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે.આ રોડ જાફરાબાદ, રાજુલા, મહુવા, ભાવનગર તેમજ અમદાવાદને પણ જોડતો રોડ છે અને આ રોડ પર ૨૪ કલાકમાં અસંખ્ય વાહનોની અવરજવર થતી હોય છે.


**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૨૧૪/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી ગુજરીયા મંગુબેન નિર્મળભાઈ
સરનામું :- મુ. ખેરા તા. રાજુલા જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :-જન્મ – મરણ નોંધણી અધિકારી
– વ –
તલાટી કમ મંત્રીશ્રી – ખેરા
તા. રાજુલા જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકા ના ખેરા મુકામે ના શ્રી ગુજરીયા મંગુબેન નિર્મળભાઈ એ તેમના પુત્રીઓ નામે શ્રી ગુજરીયા આરતીબેન નિર્મળભાઈ નો જન્મ તા. ૦૫/૦૧/૧૯૯૪ અને શ્રી ગુજરીયા અનિતાબેન નિર્મળભાઈ નો જન્મ તા. ૧૬/૦૪/૧૯૯૭ ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.આર. બળદાણીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૬ માહે જુલાઈ સને:૨૦૨૬ ના રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૧૬/૦૭/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા



-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.: ૩૫/૨૦૨૬
મરણ તારીખ: ૧૨/૧૦/૧૯૮૮

નાથીબેન નારણભાઈ સોલંકી,
રહે. અરણેજ, ગામ-અરણેજ,
તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ
ભાવિન કે. ચૂડાસમા, કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, અરણેજ, તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીરસોમનાથ

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી નાથીબેન નારણભાઈ સોલંકી, રહે. અરણેજ, ગામ-અરણેજ, તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના સસરા સ્વ. કાળાભાઈ કાનાભાઈ સોલંકીનું મરણ તારીખ ૧૨/૧૦/૧૯૮૮ના રોજ કોડીનાર તાલુકાના અરણેજ ગામ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે. અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૦ માહે: જુલાઈ સને ૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.: ૩૬/૨૦૨૬
મરણ તારીખ: ૧૩/૦૩/૧૯૮૨

નાથીબેન નારણભાઈ સોલંકી,
રહે. અરણેજ, ગામ-અરણેજ
તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ
ભાવિન કે. ચૂડાસમા, કોડીનાર.

**વિરૂધ્ધ**

રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, અરણેજ, તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીરસોમનાથ

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી નાથીબેન નારણભાઈ સોલંકી, રહે. અરણેજ, ગામ-અરણેજ, તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના સાસુ સ્વ. ખીમીબેન કાળાભાઈ સોલંકીનું મરણ તારીખ ૧૩/૦૩/૧૯૮૨ ના રોજ કોડીનાર તાલુકાના અરણેજ ગામ મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૦ માહે: જુલાઈ સને ૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૨૧૨/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી નયના કિશોરભાઈ મકવાણા
સરનામું :- મુ. જાફરાબાદ તા. જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :-જન્મ – મરણ નોંધણી અધિકારી
– વ –
ચીફ ઓફિસરશ્રી – નગરપાલિકા રાજુલા
તા. રાજુલા જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓનેસ આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના જાફરાબાદ તાલુકા ના જાફરાબાદ મુકામે ના શ્રી નયના કિશોરભાઈ મકવાણા એ તેમની પોતાની નામે શ્રી મિસ્ત્રી નયનાબેન દિનેશભાઈ નો જન્મ તા. ૧૯/૧૧/૧૯૮૩ ના રોજ રાજુલા તાલુકાના રાજુલા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.આર. બળદાણીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૬ માહે જુલાઈ સને:૨૦૨૬ ના રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૧૬/૦૭/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા



**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૨૧૫/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી બળદાણીયા દડુભાઈ દુલાભાઈ
સરનામું :- મુ. કડીયાળી, તા. રાજુલા, જિ. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ – મરણ નોંધણી અધિકારી
- વ -
તલાટી કમ મંત્રીશ્રી – કડીયાળી,
તા. રાજુલા, જિ. અમરેલી


**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકા ના કડીયાળી મુકામે ના શ્રી બલદાણીયા દડુભાઈ દુલાભાઈ એ તેમના પુત્રી નામે શ્રી બલદાણીયા હેમાંન્સી દડુભાઈ નો જન્મ તા. ૩૧/૦૧/૨૦૧૦ ના રોજ રાજુલા તાલુકાના કડીયાળી મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.આર. બળદાણીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિદ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે, જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૬ માહે જુલાઈ સને:૨૦૨૬ ના રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૧૬/૦૭/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

# રામ મંદિર દાન ચોરી કેસ મામલે યુપી સરકારે નવી SITની રચના કરી



નવી દિલ્હી,તા.૨૭

રામ મંદિર દાન અને પ્રસાદ ચોરી કેસની તપાસ માટે ઉત્તર પ્રદેશ સરકારે ૨૫ જુલાઈના રોજ ચાર સભ્યોની નવી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચના કરી છે. આઈજી કિરણ જી ના નેતૃત્વ હેઠળની આ ટીમમાં ડીઆઈજી, એસપી અને સુપ્રીમ કોર્ટના સૂચન મુજબ એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (ફોરેન્સિક ઓડિટર)નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટમાં સીજેઆઈ સૂર્યકાંત, ન્યાયાધીશ જાયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનની બેન્ચે આ મામલે સુનાવણી કરી હતી. કોર્ટે નવી તપાસ ટીમને બે અઠવાડિયામાં પોતાનો સ્ટેટસ રિપોર્ટ રજૂ કરવા નિર્દેશ આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે તપાસ સંપૂર્ણ નિષ્પક્ષ હોવી જોઈએ અને તેને યોગ્ય તાર્કિક અંત સુધી પહોંચાડવી જરૂરી છે. બીજી તરફ, રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે મંદિરની દૈનિક પૂજા, ધાર્મિક વિધિઓ અને પૂજારીઓની નિમણૂક જેવા નિર્ણયો લેવા માટે નવ સભ્યોની કાયમી ધાર્મિક સમિતિને પણ મંજૂરી આપી દીધી છે.

# ગુજરાત પર પાંચ સિસ્ટમ સક્રિય થતા ૩૦ જુલાઈથી ભારે વરસાદની આગાહી



અમદાવાદ ,તા.૨૭

ગુજરાતમાં હાલ પાંચ વરસાદી સિસ્ટમ સક્રિય હોવાથી રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદ નોંધાઈ રહ્યો છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસના જણાવ્યા મુજબ, બંગાળની ખાડીનું ડિપ્રેશન હવે 'ડિપ ડિપ્રેશન'માં ફેરવાયું છે, જેની અસર ૩૦ જુલાઈથી જોવા મળશે અને ત્રણ દિવસ વરસાદનું જોર વધશે. આથી ૩૦ અને ૩૧ જુલાઈએ માછીમારોને દરિયો ન ખેડવા આદેશ અપાયો છે.

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લાઓમાં ઓરેન્જ અને યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૭૭.૯૨% જ્યારે કચ્છમાં સૌથી ઓછો ૧૯.૦૫% વરસાદ થયો છે. ભારે વરસાદના કારણે સરદાર સરોવર ડેમ ૬૯.૨૫% ભરાયો છે અને ૧૩ ડેમ સંપૂર્ણ ભરાઈ ગયા છે.

વરસાદી પરિસ્થિતિને કારણે અમદાવાદમાં ૪૨ અને વલસાડમાં ૪૦ સહિત કુલ ૨૦૮ રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ કરાયા છે. રાજ્યમાં પૂરની સ્થિતિને પગલે ૫૩,૧૧૭ લોકોનું સ્થળાંતર કરાયું છે અને ૮,૦૮૦ લોકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા છે. ચોમાસાની આ સિઝનમાં અત્યાર સુધીમાં કુલ ૭૧ માનવ મૃત્યુ નોંધાયા છે.


# છત્તીસગઢમાં અગ્નિવીરોને વર્ગ-૩ની ભરતીમાં ૧૦ ટકા અનામત

રાયપુર, તા.૨૭

મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈની અધ્યક્ષતામાં મળેલી છત્તીસગઢ કેબિનેટ બેઠકમાં અગ્નિવીરોને રાજ્યની વર્ગ-૩ની સરકારી નોકરીઓમાં સીધી ભરતી માટે ૧૦ ટકા અનામત આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પોલીસમાં કોન્સ્ટેબલ, વન વિભાગમાં વનરક્ષક અને જેલ વિભાગમાં વોર્ડર જેવી જગ્યાઓમાં આ અનામતનો લાભ મળશે. કેબિનેટે ખેડૂતોને સમયસર ખાતર ઉપલબ્ધ થાય તે માટે નાયબ મુખ્યમંત્રી અરુણ સાઓના અધ્યક્ષપદ હેઠળ પેટા સમિતિ રચવાનો નિર્ણય પણ કર્યો છે. સમિતિ ખાતરના પુરવઠા, વિતરણ અને વ્યવસ્થાપન અંગે સરકારને ભલામણો કરશે. બેઠકમાં રાજ્યમાં કૃષિ અને રોજગારને પ્રોત્સાહન આપતા અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા.

# જનરેશન-ઝેડ લાગણીથી નિર્ણય લે છે, તેમણે શાંતિથી વિચારવાની જરૂર : મોહન ભાગવત

**બાળકોના મોબાઇલ ઉપયોગમાં શિસ્ત જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો**



હૈદરાબાદ, તા.૨૭

આરએસએસના વડા મોહન ભાગવતે હૈદરાબાદમાં આયોજિત એક કાર્યક્રમમાં જનરેશન-ઝેડ, પરિવાર વ્યવસ્થા અને લગ્ન સંસ્થાને લઈને પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે જણાવ્યું કે આજની યુવા પેઢી ઘણીવાર લાગણીઓના આધારે નિર્ણય લે છે અને જે યોગ્ય લાગે છે તેની તરફ ઝડપથી આકર્ષાય છે. મોહન ભાગવતે જણાવ્યું કે લગ્ન એક એવી શિસ્ત છે, જે સમાજમાં જવાબદારી અને ધર્મની સ્થાપના કરે છે. તેમણે સહ-જીવન સંબંધોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે જવાબદારી વગરના સંબંધો લાંબા ગાળે સમાજ માટે પડકારરૂપ બની શકે છે. સાથે જ તેમણે ભારપૂર્વક કહ્યું કે આધુનિકતાનું સ્વાગત થવું જોઈએ, પરંતુ પોતાની સંસ્કૃતિ અને પરંપરાઓનું પણ જતન જરૂરી છે. તેમણે એલજીબીટીક્યુ સમુદાયને સમાજનો અભિન્ન ભાગ ગણાવ્યો અને તેમની સાથે ભેદભાવ ન રાખવાની વાત કરી. ઉપરાંત, પરિવારના સભ્યો વચ્ચે સતત સંવાદ અને બાળકોના મોબાઈલ ઉપયોગમાં શિસ્ત જાળવવાની જરૂરિયાત પર પણ તેમણે ભાર મૂક્યો.

# માલદાની આદિના મસ્જિદ વિવાદ ફરી ચર્ચામાં, તંત્ર દ્વારા કડક સુરક્ષા વ્યવસ્થા

**હિન્દુ સંગઠનો આ સ્થળને પ્રાચીન આદિનાથ મંદિર હોવાનું જણાવી રહ્યાં છે**

માલદા, તા.૨૭

પશ્ચિમ બંગાળના માલદામાં આવેલી ઐતિહાસિક આદિના મસ્જિદને લઈને વિવાદ ફરી ચર્ચામાં આવ્યો છે. શ્રાવણના બીજા સોમવારે પ્રસ્તાવિત શિવલિંગ સ્થાપન અને રુદ્રાભિષેક કાર્યક્રમને ધ્યાનમાં રાખી જિલ્લા વહીવટીતંત્રે કડક સુરક્ષા ગોઠવી છે.કેટલાક હિન્દુ સંગઠનો આ સ્થળને પ્રાચીન આદિનાથ મંદિર હોવાનું કહે છે, જ્યારે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના રેકોર્ડ મુજબ આદિના મસ્જિદનું નિર્માણ ૧૩૭૩માં થયું હતું. મામલો હાલ કલકત્તા હાઈકોર્ટમાં વિચારાધીન છે. એએસઆઈએ સ્પષ્ટ કર્યું છે કે સંરક્ષિત સ્મારકમાં કોઈ નવી ધાર્મિક પ્રવૃત્તિને મંજૂરી આપી શકાય નહીં. વહીવટીતંત્રે લોકોને શાંતિ જાળવવા અને અફવાઓથી દૂર રહેવાની અપીલ કરી છે.

# પેપર લીક કેસમાં છત્તીસગઢ પબ્લિક સર્વિસ કમિશનના પૂર્વ અધ્યક્ષ ઈડીના હાથે ઝડપાયા



તસવીર : એ.આઈ

રાયપુર, તા.૨૭

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ છત્તીસગઢ પબ્લિક સર્વિસ કમિશનના પૂર્વ અધ્યક્ષ તમન સિંહ સોનવાણીની કથિત પેપર લીક અને મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, લાંબી પૂછપરછ બાદ તેમને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યા હતા.

આ કેસ વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧ની રાજ્ય સેવા પરીક્ષાઓમાં પ્રશ્નપત્ર લીક અને પસંદગી પ્રક્રિયામાં અનિયમિતતાના આરોપો સાથે સંબંધિત છે. ઈડીએ સીબીઆઈની એફઆઈઆરના આધારે તપાસ શરૂ કરી હતી. એજન્સીનો આરોપ છે કે પ્રશ્નપત્ર લીક, પસંદગી પ્રક્રિયામાં ગેરરીતિ અને લાંચ દ્વારા કેટલાક ઉમેદવારોને લાભ અપાયો હતો. તપાસમાં લાંચની રકમ રોકડ અને અન્ય માધ્યમોથી લેવાઈ હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે. ઈડીએ સોનવાણીને વિશેષ પીએમએલએ કોર્ટમાં રજૂ કરી તેમની કસ્ટડીની માંગ કરી છે. કેસની વધુ તપાસ ચાલુ છે.

# વર્ષ ૨૦૨૫-૨૬માં કુદરતી આફતોથી ૧૦૩.૨૮ લાખ હેક્ટર પાકને અસર



નવી દિલ્હી, તા.૨૭

કેન્દ્ર સરકારે રાજ્યસભામાં જણાવ્યું કે વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કુદરતી આફતોના કારણે દેશના ૧૦૩.૨૮ લાખ હેક્ટર ખેતી વિસ્તારને અસર પહોંચી છે. આ આંકડો અગાઉના બે વર્ષ કરતાં નોંધપાત્ર રીતે વધુ છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ૯.૩૯ લાખ હેક્ટર અને ૨૦૨૪-૨૫માં ૧૩.૨૦ લાખ હેક્ટર વિસ્તાર અસરગ્રસ્ત રહ્યો હતો. સરકારી માહિતી મુજબ મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૭૫.૪૨ લાખ હેક્ટર પાકને નુકસાન થયું છે. ત્યારબાદ કર્ણાટક, હરિયાણા, ઉત્તર પ્રદેશ, પંજાબ અને આંધ્ર પ્રદેશનો સમાવેશ થાય છે. સરકારે જણાવ્યું કે ખેડૂતોને કુદરતી આફતોમાં રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળ અને જરૂરિયાત મુજબ રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ભંડોળમાંથી સહાય આપવામાં આવે છે. સરકારે પ્રધાનમંત્રી પાક વીમા યોજના, હવામાન આધારિત પાક વીમા યોજના અને સૂક્ષ્મ સિંચાઈ જેવી યોજનાઓ દ્વારા ખેડૂતોને આબોહવા પરિવર્તનના જોખમ સામે વધુ સુરક્ષા આપવા માટે વિવિધ પગલાં અમલમાં મૂક્યા હોવાનું પણ જણાવ્યું.

# વિદ્યાર્થીઓ પર નહીં, હુમલાખોરો સામે કાર્યવાહી કરો : રાહુલ ગાંધી



નવી દિલ્હી, તા.૨૭

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ બિહારમાં વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે કથિત પોલીસ કાર્યવાહીને લઈને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. સોશિયલ મીડિયા પર કરેલી પોસ્ટમાં તેમણે વિદ્યાર્થીઓ સામે નોંધાયેલી એફઆઈઆર અને ધરપકડ અંગે સવાલો ઉઠાવ્યા હતા. રાહુલ ગાંધીએ વડા પ્રધાન પાસે વિદ્યાર્થીઓની માફી માંગવાની અને હુમલાખોરો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. તેમણે આરોપ લગાવ્યો કે વિવિધ રાજ્યોમાં વિદ્યાર્થીઓના અવાજને દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. બીજી તરફ, નીટ પેપર લીકના વિરોધમાં બિહારમાં યોજાયેલા કેટલાક પ્રદર્શન હિંસક બન્યા હતા. આ દરમિયાન પોલીસે લાઠીચાર્જ અને ટીયર ગેસનો ઉપયોગ કર્યો હતો. સમગ્ર ઘટનાને લઈને રાજકીય ઘર્ષણ વધુ તેજ બન્યું છે.

# ઈ-૨૦ મુદ્દે એક થાઓ અને અવાજ ઉઠાવવા અરવિંદ કેજરીવાલની અપીલ

નવી દિલ્હી, તા.૨૭

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે ઈ૨૦ મુદ્દે દેશભરના લોકોને એક થવાની અપીલ કરી છે. તેમણે જણાવ્યું કે દિલ્હીમાં શનિવારે 'નેશનલ ટાઉનહોલ અગેન્સ્ટ ઈ૨૦'નું આયોજન કરવામાં આવશે, જેમાં લોકો ઓફલાઈન તેમજ ઓનલાઈન ભાગ લઈ શકશે. કેજરીવાલે કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાને યુવાનોની જીત ગણાવી હતી. તેમણે કહ્યું કે લોકોના વાહનોને નુકસાન સહિતના મુદ્દાઓ પર સરકાર સમક્ષ અવાજ ઉઠાવવાનો સમય આવી ગયો છે. તેમણે જણાવ્યું કે ટાઉનહોલમાં નિષ્ણાતો, અસરગ્રસ્ત લોકો અને વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓ પોતાના મંતવ્યો રજૂ કરશે તથા આગામી રણનીતિ અંગે ચર્ચા કરશે.

# પં.બંગાળમાં અમ્ફાન રાહત યોજનામાં ગેરરીતિઓ થઈ હોવાની કેગના અહેવાલમાં ઉલ્લેખ કરાયો

કોલકાતા, તા. ૨૭

કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ)ના અહેવાલમાં પશ્ચિમ બંગાળમાં ચક્રવાત અમ્ફાન બાદ અમલમાં આવેલી રાહત યોજનામાં અનેક ગેરરીતિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અહેવાલ મુજબ નુકસાનના કેટલાક દાવા વધારીને રજૂ કરવામાં આવ્યા હતા તેમજ રાહત વિતરણ, લાભાર્થીઓની યાદી અને ચુકવણી પ્રક્રિયામાં પણ ખામીઓ જોવા મળી હતી.

પ્રિન્સિપલ એકાઉન્ટન્ટ જનરલ મનીષ કુમારે જણાવ્યું કે કેગે રાજ્ય સરકારને નુકસાનનું વૈજ્ઞાનિક મૂલ્યાંકન, પારદર્શક લાભાર્થી પસંદગી, રેકોર્ડની ફરજિયાત ચકાસણી અને શંકાસ્પદ ચુકવણીઓ સામે કાર્યવાહી સહિત છ મુખ્ય ભલામણો કરી છે. અહેવાલ મુજબ રાજ્ય સરકારે એનડીઆરએફ પાસેથી રૂ. ૩૫,૦૧૮ કરોડની સહાય માંગી હતી, જ્યારે કેન્દ્રની તપાસ બાદ રૂ. ૨,૭૦૭ કરોડની સહાયની ભલામણ કરવામાં આવી હતી. કેગે જણાવ્યું કે ભલામણોના અમલની સ્થળ પર જઈને પણ ચકાસણી કરવામાં આવશે, જેથી રાહત ભંડોળનો યોગ્ય ઉપયોગ સુનિશ્ચિત થઈ શકે.

# જહાજ પર કરેલ હુમલાથી ગુસ્સે ભરાયેલા ઈરાને બદલો લેવાની ચેતવણી આપી



તેહરાન,તા.૨૭

કેસ્પિયન સમુદ્રમાં ઈરાની વ્યાપારી જહાજ પર થયેલા હુમલા બાદ ઈરાને યુક્રેન સામે કડક વલણ અપનાવ્યું છે. વિદેશ મંત્રાલયે હુમલાની નિંદા કરતાં તેને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન ગણાવ્યું છે.

હુમલામાં એક નાવિકનું મોત થયું હોવાનું અને અન્ય એક ઘાયલ થયો હોવાનું જણાવાયું છે. ઈરાને આરોપ લગાવ્યો કે આ હુમલાનો હેતુ સમગ્ર વિસ્તારમાં અસ્થિરતા ફેલાવવાનો હતો. તેહરાને જણાવ્યું કે તે પોતાના રાષ્ટ્રીય હિતો અને સુરક્ષાના રક્ષણ માટે જરૂરી તમામ પગલાં ભરશે. ઈરાને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ અને અન્ય દેશોને યુક્રેનને જવાબદાર ઠેરવવાની અપીલ કરી છે. સાથે જ જણાવ્યું કે રશિયા-યુક્રેન યુધ્ધ માં તેણે કોઈ પક્ષ લીધો નથી. વધુ ઉશ્કેરણી થશે તો તેના માટે યુક્રેન અને તેના સમર્થકો જવાબદાર રહેશે તેવી પણ ચેતવણી આપવામાં આવી છે.

# ઈઝરાયેલના કબજા હેઠળ પશ્ચિમ કાંઠે બે મસ્જિદોમાં આગની ઘટના બાદ તણાવ વધ્યો

**પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અનેક વિસ્તારોમાં સુરક્ષા દળોની તૈનાતી વધારવામાં આવી**




તેલ અવીવ, તા.૨૭

ઈઝરાયલના કબજા હેઠળના પશ્ચિમ કાંઠે બે મસ્જિદોમાં આગ લાગવાની ઘટના બાદ તણાવ વધુ વધી ગયો છે. સ્થાનિક અધિકારીઓએ આ ઘટનાને કથિત વસાહતી હુમલા સાથે જોડતાં વિસ્તારમાં સુરક્ષા વધારી છે. ઈઝરાયલી સૈન્યએ ધાર્મિક સ્થળોને નુકસાન પહોંચાડવાની ઘટનાની નિંદા કરી અને પોલીસ સાથે મળીને તપાસ શરૂ કરવાની જાહેરાત કરી છે. બીજી તરફ, પેલેસ્ટિનિયન પક્ષે હુમલાઓ સામે પૂરતી કાર્યવાહી ન થવાનો આરોપ લગાવ્યો છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અનેક વિસ્તારોમાં સુરક્ષા દળોની તૈનાતી વધારવામાં આવી છે અને મોટી સંખ્યામાં ધરપકડો કરવામાં આવી છે. વધતા તણાવ વચ્ચે આંતરરાષ્ટ્રીય સમુદાયે સંયમ રાખવા અને સંવાદ દ્વારા ઉકેલ લાવવાની અપીલ કરી છે.

# દુબઈ-મુંબઈ ઈન્ડિગો ફ્લાઈટનું રાજકોટમાં ઈમરજન્સી લેન્ડિંગ

રાજકોટ,તા.૨૭

દુબઈથી મુંબઈ આવી રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ IGO1452નું રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. ફ્લાઈટના કાર્ગો કમ્પાર્ટમેન્ટમાં અચાનક ધુમાડો દેખાતા પાયલોટે સાવચેતીના ભાગરૂપે રાજકોટ એરપોર્ટ પર વિમાન ઉતારવાનો નિર્ણય લીધો હતો. ફ્લાઈટમાં ક્રૂ મેમ્બર સહિત કુલ ૧૯૪ મુસાફરો સવાર હતા. અચાનક સર્જાયેલી પરિસ્થિતિને કારણે મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો,




પરંતુ પાયલોટની સતર્કતાના કારણે વિમાનનું સફળતાપૂર્વક ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. ઘટનામાં કોઈ મુસાફરને ઈજા પહોંચી નહોતી અને તમામ મુસાફરો સુરક્ષિત હોવાનું જણાવાયું છે. ઘટનાની જાણ થતાં એરપોર્ટ ઓથોરિટી, સુરક્ષા એજન્સીઓ તેમજ બૉમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટીમો એરપોર્ટ પર પહોંચી તપાસ શરૂ કરી હતી. ધુમાડો થવાનું ચોક્કસ કારણ જાણવા માટે વિમાનની ટેકનિકલ તપાસ હાથ ધરવામાં આવી છે. ઘટના બાદ એરપોર્ટ પર થોડા સમય માટે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

# રાજ્યમાં ૧૬ વર્ષથી ચિત્ર શિક્ષકોની ભરતી કરવામાં ન આવતા ઉમેદવારોમાં આક્રોશ

**શિક્ષણ વિભાગ સમક્ષ રજૂઆત કરી તાત્કાલિક ભરતી પ્રક્રિયા શરૂ કરવાની માંગ**

ગાંધીનગર,તા.૨૭

રાજ્યની સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં છેલ્લા ૧૫-૧૬ વર્ષથી કાયમી ચિત્ર શિક્ષકોની સીધી ભરતી ન થતાં ફાઈન આર્ટ્સ અને આર્ટ ટીચર ડિપ્લોમા



પાસ કરેલા ઉમેદવારોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. ચિત્ર શિક્ષક ઉમેદવારો અને કલા શિક્ષક સંઘ દ્વારા શિક્ષણ વિભાગને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક ભરતી પ્રક્રિયા શરૂ કરવાની માંગ કરવામાં આવી હતી.ઉમેદવારોનું કહેવું છે કે રાજ્યમાં દર વર્ષે કલા મહાકુંભ, કલા ઉત્સવ અને વિવિધ ચિત્ર સ્પર્ધાઓ યોજાય છે, છતાં શાળાઓમાં ચિત્ર વિષયના કાયમી શિક્ષકોની પૂરતી નિમણૂક કરવામાં આવતી નથી. પરિણામે વિદ્યાર્થીઓને કલા શિક્ષણનો પૂરતો લાભ મળતો નથી.

લાંબા સમયથી ભરતી પ્રક્રિયા શરૂ ન થતાં હજારો લાયક ઉમેદવારો રોજગારીની રાહ જોઈ રહ્યા છે. અનેક ઉમેદવારો વયમર્યાદા નજીક પહોંચી ગયા હોવાનું પણ રજૂઆતમાં જણાવાયું છે. ઉમેદવારોએ સરકારને વહેલી તકે ભરતી જાહેર કરી લાયક ઉમેદવારોને તક આપવા અપીલ કરી છે.

# રાજકોટમાં પરિવારનો સામુહિક આપઘાતનો પ્રયાસ, માતાનું મોત

રાજકોટ,તા.૨૭

રાજકોટ શહેરના સાધુવાસવાણી રોડ વિસ્તારમાં રહેતા એક પરિવારે સામુહિક આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી છે. દંપતી અને તેમના પુત્રએ ઝેરી દવા પી લેતા ત્રણેયને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન માતા સ્મિતાબેનનું મોત થયું હોવાનું સામે આવ્યું છે. જ્યારે પિતા અને પુત્રની હાલત ગંભીર હોવાથી તેમની સઘન સારવાર ચાલી રહી છે. ઘટનાની જાણ થતાં યુનિવર્સિટી પોલીસનો કાફલો હોસ્પિટલ અને ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસે પરિવારજનો અને સંબંધિત લોકોના નિવેદનો નોંધવાની કાર્યવાહી શરૂ કરી છે. આપઘાત પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. સમગ્ર મામલે પોલીસે વિવિધ દિશામાં તપાસ હાથ ધરી છે.

# કીર્તિ પટેલના અન્ય ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ પર ભારતમાં પ્રતિબંધ

સુરત,તા.૨૭

સોશિયલ મીડિયામાં સતત વિવાદમાં રહેતી કીર્તિ પટેલ સામે સરકાર દ્વારા મહત્વની કાર્યવાહી કરવામાં આવી છે. કીર્તિ પટેલના ૧.૩ મિલિયન ફોલોઅર્સ ધરાવતા મુખ્ય ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ સિવાયના અન્ય એકાઉન્ટ્સ પર ભારતમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.



આ પગલાં બાદ તેના વૈકલ્પિક એકાઉન્ટ્સ ભારતમાંથી જોવા મળતા નથી. કીર્તિ પટેલ સામે અત્યાર સુધીમાં હત્યાના પ્રયાસ, ખંડણી, ધાકધમકી, સોશિયલ મીડિયા મારફતે બદનામી સહિતના ૧૦થી વધુ ગુનાઓ નોંધાયેલા છે. અગાઉ તે જેલમાં પણ રહી ચૂકી છે. તાજેતરમાં સુરતના પુણા પોલીસ સ્ટેશનમાં મહિલા સરપંચ અને તેમના પતિને સોશિયલ મીડિયા પર બદનામ કરવાના આરોપસર તેની સામે વધુ એક ગુનો નોંધાયો હતો. આ ઘટનાના પગલે કીર્તિ પટેલે પુણા પોલીસ સ્ટેશન બહાર હોબાળો મચાવ્યો હતો અને તેનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો. આ સમગ્ર મામલા વચ્ચે સરકાર દ્વારા તેના અન્ય ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ પર પ્રતિબંધ લગાવવાની કાર્યવાહી ચર્ચાનો વિષય બની છે.

# હાસ્ય કલાકાર હકાભા ગઢવીની કાર નદીમાં ખાબકી, માંડ બચ્યા

અમદાવાદ,તા.૨૭

હાસ્ય કલાકાર હકાભા ગઢવીની ગાડી સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રાના બૈસાબગઢ પાસે નદીમાં ખાબકી ગઈ હતી. આ સમયે ગાડીમાં પાણી ભરાઈ જવાના કારણે દરવાજો ખોલી શકાતો ન હતો. જો કે દરવાજાનો કાચ ખુલ્લો હતો. આ સમયે ગાડી નદીમાં ખાબક્યાની જાણ થતા આસપાસના લોકો તથા તેમના મિત્રો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. મહામહેનતે



હકાભા ગઢવીને ગાડીમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. હકાભાએ કહ્યું કે, ગાડી અંદર બે કલાક રહ્યા હતા. અમે તો પૂરા થઈ ગયા હોત પણ માની કૃપાથી બચી ગયા.

## અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખ 'સંજોગ ન્યૂઝ'ની મુલાકાતે



અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ દક્ષાબેન ચોડવડીયાએ સંજોગ ન્યૂઝની મુલાકાત લીધી હતી. આ મુલાકાત વેળાએ સંજોગ ન્યૂઝના તંત્રી વસંતભાઈ મોવલીયા, સુરેશભાઈ દેસાઈ સહિતના હાજર રહ્યા હતા. જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયાએ અમરેલી જિલ્લામાં પડેલા ભારે વરસાદથી થયેલા જિલ્લા પંચાયત હસ્તકના માર્ગોનું તાત્કાલિક નવીનીકરણ કરવામાં આવશે તેમજ જિલ્લાના પડતર પ્રશ્ને રજૂઆત કરવામાં આવશે તેમ અંતમાં દક્ષાબેન ચોડવડીયાએ જણાવ્યું હતું.

# વરસી રહેલા વરસાદથી રાજયમાં જનજીવન અસ્તવ્યસ્ત, અનેક જિલ્લાઓમાં પૂર જેવી સ્થિતિ

અમદાવાદ,તા.૨૭

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી વરસી રહેલા ભારે વરસાદે અનેક જિલ્લાઓમાં જનજીવનને ગંભીર અસર પહોંચાડી છે. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં પાણી ભરાવા, રસ્તાઓ ધોવાઈ જવા અને વાહનવ્યવહાર ખોરવાવાની ઘટનાઓ સામે આવી છે. મહેસાણાના હિરપુરા બેરેજમાં પાણીની આવક વધતા સાબરમતી કાંઠાના ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. બનાસકાંઠામાં અનેક માર્ગો તૂટી જતા



વિદ્યાર્થીઓ અને ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. સાબરકાંઠાના પ્રાંતિજમાં નવા ઓવરબ્રિજમાં ગાબડાં પડતાં લોકોમાં ભય ફેલાયો છે. સુરતના પર્વત ગામમાં પાણી ઓસર્યા બાદ લોકો સફાઈમાં લાગ્યા છે, જ્યારે સાણંદના ડરણ ગામમાં હજુ પણ પાણી ભરાયેલા હોવાથી જનજીવન પ્રભાવિત છે. સુરેન્દ્રનગરના પાટડી હાઈવે પર પાણી ઓસરવા છતાં વાહનવ્યવહાર હજુ શરૂ થઈ શક્યો નથી.

# મેઘમહેરથી રાજ્યના જળાશયો છલકાયા, ૨૦૭ ડેમમાં ૫૪ ટકાથી વધુ જળસંગ્રહ

અમદાવાદ,તા.૨૭

રાજ્યમાં ચાલુ વરસાદને કારણે ગુજરાતના જળાશયોમાં પાણીની આવક સતત વધી રહી છે.

જળસંપત્તિ વિભાગના અહેવાલ મુજબ ૨૦૭ જળાશયોમાં કુલ ૫૪ ટકાથી વધુ



જળસંગ્રહ નોંધાયો છે. રાજ્યના ૧૩ ડેમ સંપૂર્ણ ભરાઈ ગયા છે, જ્યારે ૨૧ જળાશયો હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. સરદાર સરોવર ડેમમાં હાલમાં કુલ ક્ષમતાના ૬૯.૨૫ ટકા જેટલું પાણી સંગ્રહિત છે. નર્મદા સિવાયના ૨૦૬ જળાશયોમાં પણ નોંધપાત્ર જળસંગ્રહ થયો છે. દમણગંગા અને ઉકાઈ સહિત અનેક મોટા ડેમોમાં પાણીની આવક યથાવત છે. મધ્ય ગુજરાતના જળાશયોમાં સૌથી વધુ જળસંગ્રહ નોંધાયો છે, જ્યારે કચ્છમાં સૌથી ઓછો પાણીનો જથ્થો છે. તંત્ર દ્વારા એલર્ટ અને વૉર્નિંગ હેઠળના જળાશયો પર સતત નજર રાખવામાં આવી રહી છે.

# રાજકોટમાં ટ્રાવેલ પેકેજના નામે રૂ. ૫૦ લાખથી વધુની છેતરપિંડી મામલે સંચાલકો સામે ફરિયાદ

રાજકોટ,તા.૨૭

શહેરના માલવીયાનગર વિસ્તારમાં આવેલી 'ફેસ્ટિવલ હોલીડે' ટ્રાવેલ પેઢીના સંચાલકો અભિનવ પટેલ અને ધારા પટેલ સામે રૂ. ૫૦ લાખથી વધુની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. આરોપ છે કે વિયેતનામ, બાલી, મલેશિયા અને થાઈલેન્ડના સસ્તા પ્રવાસ પેકેજ તેમજ ઓછા ભાવે આઈફોન અપાવવાની લાલચ આપી ગ્રાહકો પાસેથી એડવાન્સ રકમ વસૂલવામાં આવી હતી.